જ્ઞાન • પ્રેરણા • સમર્પણ

# કૃત સંકલ્પ

Vol.15-16* Issue : 469-470, 20th Octo. & 5 Nove. - 2022* કુલ પાના ૨૦* અંક કિંમત રૂા. - ૫.૦૦

દિવાળીના લાખો દીપક
આપના જીવનને ખુશીઓ
આનંદ, શાંતિથી પ્રકાશિત કરે
એવી આપને અને આપના પરિવારને
દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

## નૂતન વર્ષાભિનંદન




દેશના પ્રથમ વડાપ્રધાન

સ્વ. જવાહરલાલ નહેરુની

જન્મજયંતિએ કોટી કોટી વંદન

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ



દેશવાસીઓના દિલમાં સદા વસેલા

# સ્વ. ઇન્દિરાજીની

પુણ્યતિથિએ શ્રધ્ધાસુમન



**સંપાદક અને પ્રકાશક**
હસમુખ પટેલ

**સહ સંપાદક**
ડો. મનિષ દોશી
વિજય દવે

RNI No. : 70957/1998
L-5/131/GAMC/1720/2021-23
**વર્ષ : ૧૫-૧૬**
**સળંગ અંક : ૪૬૯ - ૪૭૦**
**20, Octo. & 5, Nove. - 2022**

**રજિ. કાર્યાલય**
**કૃત સંકલ્પ ટ્રસ્ટ,**
મંગલપ્રભાત બિલ્ડિંગ,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ પાસે, મિરઝાપુર,
**અમદાવાદ**
E-mail : krutsankalp2015@gmail.com
**લવાજમ : વાર્ષિક રૂ.૨૫૦, દ્વિવાર્ષિક : રૂ.૪૫૦**

**ટાઈપ સેટિંગ-લેઆઉટ :**
વિજય સોલંકી, મનોજ પાટીલ

**મુદ્રક :** પાયલ પ્રિન્ટર્સ, ઈન્કમટેક્સ,
આશ્રમરોડ, અમદાવાદ.

# પ્રમુખશ્રીનો સંદેશ



**વિ**ડંબના તો જુઓ ભાજપ હવે ગુજરાત ગૌરવ યાત્રા કાઢી રહ્યો છે, પરંતુ પ્રશ્ન એ છે કે ગુજરાતની ભાજપ સરકાર માટે ગૌરવ લેવા જેવું છે શું ? ભાજપને શેનું ગૌરવ છે ? શું ભાજપને એ વાતનું ગૌરવ છે કે, તેના રાજમાં મોંઘવારીએ માઝા મૂકીને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે ? શું ભાજપ એ વાત પર ગૌરવ લેવા માગે છે કે બેરોજગારી દર તેના રાજમાં વિક્રમી સપાટીએ પહોંચ્યો છે ? શું ભાજપને એ વાતનું ગૌરવ છે કે, તાજેતરમાં ફુગાવાનો દર ૦.૪૦ ટકા વધીને ૭.૪ ટકાના દરે પાંચ મહિનાની ટોચે પહોંચ્યો છે ? શું ભાજપને તેના રાજમાં ભ્રષ્ટાચાર મોટાપાયે ફૂલ્યો-ફાલ્યો છે તેનું ગૌરવ છે ? રખડતાં ઢોરથી લઈને અન્ય સળગતા પ્રશ્નો ન ઉકેલ્યાનું ગૌરવ છે ? આખરે ભાજપ માટે ગૌરવ લેવા જેવી વાત કઈ છે ?

ભાજપ બહુ બહુ તો સામાન્ય પ્રજાજનોને કરદાતાઓના નાણાંના ભોગે કરોડો રૂપિયાનું આંધણ કરીને મોટાં મોટાં તાયફા અને તમાસા કરવામાં મહારત હાંસલ કર્યું હોવાનું ગૌરવ લઈ શકે છે. ભાજપ લોકોની લાગણીઓ ઉશ્કેરીને અને ભ્રમ સર્જીને મતો ખંખેરવાનું ગૌરવ લઈ શકે છે. ખેર, લોકો હવે ભાજપનો આ ખેલ સમજી ગયા છે. માટે જ તો તેના દ્વારા ગુજરાતમાં યોજવામાં આવેલી ગૌરવ યાત્રાનો જબરદસ્ત ફિયાસ્કો જોવા મળ્યો હતો. બહુચરાજીથી કચ્છના માતાના મઢ સુધી ભાજપ આયોજિત ગુજરાત ગૌરવ યાત્રા સુપર ફ્લોપ રહી. સ્થાનિક નેતાઓને અને કાર્યકરોને ભીડ ખરીદી લાવીને એકઠી કરવાનો ટાર્ગેટ આપવા છાતાં ભીડ ભેગી થઈ શકી નહીં. "ખાલી ખાલી તંબુ હૈ..." જેવો ઘાટ સર્જાયો

દેશની એકતા અને અંખડિતતા કાજે પોતાના પ્રાણ ન્યોચ્છાવર કરનાર દેશના પૂર્વ વડા પ્રધાન અને લોખંડી મહિલા દિવંગત ઇન્દિરાજીની ૩૧મી ઓકટોબરના રોજ પુણ્યતિથિએ સ્મરણાંજલિ સાથે શત્ શત્ નમન. અખંડ ભારતના ઘડવૈયા અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૩૧ ઓકટોબરે જન્મ જયંતિએ આદરાંજલિ સાથે સાદર વંદન. દેશના પ્રથમ વડા પ્રધાન અને બાળકોના પ્યારા ચાચા જવાહરલાલ નહેરુને ૧૪ નવેમ્બરના રોજ તેમની જન્મ જયંતિએ શત્ શત્ નમન સાથે નમન.

છેલ્લે પ્રકાશપર્વ દિપાવલીની તમામ દેશવાસીઓને અંતરમનની અઢળક શુભકામનાઓ અને વિક્રમ સંવત ૨૦૭૯નું નવું વર્ષ તમામ પ્રજાજનો, મારા કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોને સુખ, સમૃદ્ધિ, શાંતિ અને સ્વાસ્થ્યકારક નીવડે તેવી અંતઃકરણપૂર્વક અભ્યર્થના સાથે નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન...

જય જય ગરવી ગુજરાત...


**જગદીશ ઠાકોર**
પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ



લખવું એ ધોમધખતા તાપમાં ડામરની સડક બનાવવા માટે જે મજૂરી કરવી પડે તેના કરતાય વધારે મહેનત માંગી લેતું કામ છે. - **નવલકથાકાર જોનગ્રિશમ**


इतनी महंगाई में हममें से कोई एक ही खाना खा सकता है...
MENU CARD


पैदल यात्रा कहीं 'बुलेट ट्रेन' से आगे न निकल जाये..!


FOR RADICALISING THE YOUTH,...
...NOT BELIEVING IN THE CONSTITUTION...
...TERRORISING THE CITIZENS...
...WE ARE BANNING THE PFI!
SIGH!
@MANJUL


डंडा नीचे..! वरना रेल्व की पटरी पास ही है, FIR करवा दूंगी...
वंदे भारत ट्रेन दुर्घटना मामले में भैंस मालिकों पर FIR


रुपए में गिरावट : डॉलर के मुकाबले 82 के पार पहुंचा
कोई बात नहीं. ये लो 100 रुपए का नोट. 1 डॉलर लेकर आओ और कहना 'कीप द चेंज'.



BCCI
WE'RE NOT HAPPY WITH YOUR PERFORMANCE, DADA...
YOU'LL HAVE TO GO!
Alok

# કામચલાઉ શાસનની ઘોષણા : સુભાષચંદ્ર બોઝ

## વિધિવત્ત ઉદ્દ્ઘોષણા બાદ સુભાષચંદ્ર બોઝે આઈએનએના સૈનિકોની સલામી ઝીલી, રેડિયો પર પ્રસારિત થયેલું સુભાષચંદ્ર બોઝનું આ વક્તવ્ય હિંદમાં અને વિદેશમાં વસતા કરોડો લોકોએ સાંભળ્યું, રાષ્ટ્રમાં એથી જુસ્સાનો વિદ્યુત સંચાર થયો

**૨૧-ઑક્ટોબર, ૧૯૪૩, સિંગાપુર**

**આપણે** જેને એઆઈસીસીના 'હિંદ છોડો'ના ઠરાવ તરીકે ઓળખીએ છીએ તેમાં એક મુદ્દો કામચલાઉ શાસનની રચના અંગે પણ હતો. તેમાં જણાવાયું હતું કે, આ કામચલાઉ શાસન હિંદની અનેકવિધ પ્રજાના બધાં જ અગત્યના હિસ્સાઓ સમાવતું એક સંયુક્ત શાસન હશે, જેનું તત્કાલિન પ્રાથમિક કાર્ય હિંદની રક્ષા કરવાનું અને આક્રમણને પોતાના શસ્ત્રબળ તેમજ અહિંસક બળ દ્વારા સાથી રાષ્ટ્રો (રાજ્યો) ભેગા મળીને ખાળવાનું રહેશે.




ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ લીગ (આઇઆઇએલ)નાં આમંત્રણથી સુભાષચંદ્ર બોઝ જર્મનીથી જાપાન થઈ સિંગાપુર પહોંચ્યા ત્યારે રાસબિહારી બોઝે યુવાન સુભાષચંદ્ર બોઝને સ્વેચ્છાએ આઇઆઇએલ અને ઇન્ડિયન નેશનલ આર્મી (આઇએનએ) (જે પાછળથી આઝાદ હિંદ ફોજ કહેવાઈ) નું નિયંત્રણ સોંપી દીધું હતું. તે દિવસ હતો યુ.એસ.એ.નો સ્વાતંત્ર્ય દિન- ૪ જુલાઈ, ૧૯૪૩. પરિસ્થિતિનો તાગ મેળવીને અને અગ્નિ એશિયા સ્થિત હિંદીઓ અને જાપાને કેદ કરેલાં બ્રિટીશ લશ્કરના હિંદી સૈનિકોનો ટેકો જોઈને સુભાષચંદ્ર બોઝે આઝાદ હિંદની કામચલાઉ સ્થાપનાની ઉદ્ઘોષણા કરવાનું નક્કી કર્યું. આ માટેની વિધિ સિંગાપુરના ટાઉનહોલમાં કરવામાં આવી, ત્યાંથી તેમનાં વક્તવ્યનું રેડિયો પ્રસારણ થયું. વિધિવત્ત ઉદ્દ્ઘોષણા બાદ સુભાષચંદ્ર બોઝે આઈએનએના સૈનિકોની સલામી ઝીલી. રેડિયો પર પ્રસારિત થયેલું સુભાષચંદ્ર બોઝનું આ વક્તવ્ય હિંદમાં અને વિદેશમાં વસતાં કરોડો લોકોએ સાંભળ્યું. રાષ્ટ્રમાં એથી જુસ્સાનો વિદ્યુત સંચાર થયો.

સુભાષચંદ્ર બોઝનું આ અત્યંત શૌર્યભર્યું સાહસ નિષ્ફળ રહ્યું, તો પણ જે જરૂર નોંધવું ઘટે કે આથી બ્રિટિશ સામ્રાજ્યના પાયા હચમચી ગયા. જ્યારે આઝાદ હિંદ ફોજના સિપાઈઓ યુદ્ધ કેદીઓ તરીકે હિંદમાં લવાયા ત્યારે આખું હિંદ તેમને ઉત્સાહભર્યો આવકાર આપવા ઊભું હતું. લોકો તરફથી તેઓને તથા સુભાષચંદ્ર બોઝ (જેઓને મૃત ઘોષિત કરવામાં આવ્યા હતા)ને ઉમળકાભર્યો પ્રેમ અને આદર મળ્યાં.

**: વક્તવ્ય :**

''ઇ.સ. ૧૭૫૭માં બંગાળમાં બ્રિટિશના હાથે

(હિંદીઓએ) પ્રથમ હાર ખાધા બાદ, એક સો વર્ષ સુધી હિંદીઓ અવિરતપણે મુશ્કેલ અને કડવા યુદ્ધોની શ્રૃંખલા લડ્યા. આ સમયગાળાનો ઈતિહાસ અપ્રતિમ શૌર્ય અને આત્મ બલિદાનનાં ઉદાહરણોથી ભર્યો પડ્યો છે. ઈતિહાસનાં પાના પર બંગાળના સીરાજઉદ્-દૌલા અને મોહનલાલના નામ, દક્ષિણ ભારતના હૈદરઅલી, ટીપુ સુલતાન અને વેલુ થમ્બી, મહારાષ્ટ્રના અપ્પાસાહેબ ભોંસલે અને પેશ્વા બાજીરાવ, અવધની બેગમો, પંજાબના સરદાર શ્યામસીંગ અટારીવાલા અને છેવટે ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, તાત્યા ટોપે, ડુમરાવના મહારાજ કુંવરસિંઘ અને નાનાસાહેબ - અને અન્ય - આ સૌ યોદ્ધાઓનાં નામ સદાકાળને માટે સુવર્ણ અક્ષરોથી અંકિત છે.

**આઝાદ હિંદની કામચલાઉ સરકાર વતી સહી કરી :- સુભાષચંદ્ર બોઝ, રાજ્યના વડા, પ્રધાનમંત્રી અને યુદ્ધ મંત્રી, વિદેશમંત્રી, આઝાદ હિંદ ફોજના સર્વોપરી અને બીજા વીસ લોકો જેમાં રાસબિહારી બોઝ (સર્વોપરી સલાહકાર)નો પણ સમાવેશ થયો**

આપણાં દુર્ભાગ્યે, આપણાં વડવાઓને શરૂઆતમાં ખ્યાલ આવ્યો નહીં કે અંગ્રેજો હિંદને માટે એક મોટો ખતરો હતા, તેથી તેમણે આ દુશ્મન સામે સંયુક્ત મોરચો ન માંડ્યો. આખરે જ્યારે હિંદીઓને વાસ્તવિકતાનું જ્ઞાન થયું, તેમણે એક સંયુકત ચાલ ચાલી અને ૧૮૫૭માં બહાદુરશાહના વાવટા હેઠળ આઝાદ લોકો તરીકે તેઓ છેલ્લું યુદ્ધ લડ્યાં. આ યુદ્ધની શરૂઆતના તબક્કાઓમાં જ્વલંત વિજય શ્રૃંખલા તેમણે સર્જી છતાં, કમનસીબે અને ખામીયુક્ત નેતૃત્વને કારણે સમય જતાં તેઓ છેવટે પડી ભાંગ્યા અને પરાધીન થયા. તેમ છતાં ઝાંસીની રાણી, તાત્યા ટોપે, કુંવરસિંઘ અને નાનાસાહેબ જેવા શુરવીર રાષ્ટ્રની સ્મૃતિમાં શાશ્વત તારાઓની જેમ જીવંત રહ્યા છે અને આપણને વધુ મહાન બલિદાન અને શૌર્યભર્યા કાર્ય કરવા પ્રેરણા આપે છે.

૧૮૫૭ પછી અંગ્રેજોએ બળજબરીથી હિંદીઓના શસ્ત્રો છીનવી લઇને નિર્દયી હેવાનિયતભરી ત્રાસ નીતિ અપનાવી, જેથી હિંદીઓ થોડા સમય માટે તેમના પગે પડી રહ્યાં, પરંતુ ૧૮૮૫માં ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના ઉદ્ભવ સાથે નવજાગૃતિનો સંચાર થયો. ૧૮૮૫થી પ્રથમ વિશ્વયુદ્ધના અંત સુધી પોતાની ગુમાવેલી સ્વતંત્રતા પાછી મેળવવાના પ્રયત્નોમાં હિંદીઓએ બધી શક્ય પદ્ધતિઓ ચકાસી જોઈ- જેમ કે આંદોલન અને પ્રચાર, બ્રિટિશ માલ-સામાનનો બહિષ્કાર, ત્રાસવાદ અને ભાંગફોડ અને અંતે સશસ્ત્ર ક્રાંતિ, પરંતુ આ બધા પ્રયત્નો એ સમયે નિષ્ફળ રહ્યા. છેવટે ૧૯૨૦માં હિંદીઓ જ્યારે આ નિષ્ફળતાથી માનસિક રીતે પીડાઈ રહ્યા હતા ત્યારે મહાત્મા ગાંધી અસહકાર અને સવિનય કાનૂનભંગના નવા શસ્ત્ર સાથે આપણી આગળ આવ્યા.

તે બાદ બે દાયકા સુધી આપણે દેશભક્તિની તીવ્ર પ્રવૃત્તિઓથી ભરેલા તબક્કાઓમાંથી પસાર થયા. સ્વતંત્રતાનો સંદેશ દરેક હિંદીના ઘર સુધી પહોંચ્યો. વ્યક્તિગત ઉદાહરણો દ્વારા લોકોને સહન કરવાના, બલિદાન આપવાના અને સ્વતંત્રતાને કાજે જીવન ન્યોચ્છાવર કરવાના પાઠ ભણાવાયા. મુખ્ય કેન્દ્ર મથકથી માંડીને તે દૂર-સુદૂરના ગામડાંઓ સુધી લોકોને એક રાજકીય સંગઠનમાં ગુંથી લેવામાં આવ્યા. આ રીતે હિંદીઓએ ન માત્ર રાજકીય ચેતના પાછી મેળવી, ફરી એકવાર એક રાજકીય ઓળખ પણ મેળવી. હવે તેઓ એક અવાજે એક સર્વ સાધારણ ધ્યેય માટે એક નિશ્ચય સાથે પ્રયત્ન કરી શકતા હતા. ૧૯૩૭ થી ૧૯૩૯ સુધી આઠ પ્રાંતોમાં કોંગ્રેસ મંત્રી મંડળોના કાર્ય દ્વારા તેમણે પોતાની બાબતોનો વહીવટ પોતે કરી શકવાની ક્ષમતા અને તૈયારી સિદ્ધ કરી. આમ વર્તમાન વિશ્વયુદ્ધની શરૂઆત થતાં અગાઉ હિંદની મુક્તિ માટેના અંતિમ સંઘર્ષનો મંચ સજ્જ થઈ ચૂક્યો હતો. આ વિશ્વ યુદ્ધ દરમિયાન જર્મની અને તેના સાથી ધરી દેશોએ યુરોપમાં આપણાં દુશ્મનોને કુઠારાઘાત આપીને ભૂક્કો બોલાવ્યો

છે. જ્યારે જાપાને પૂર્વ એશિયામાં તેના સાથીદારની મદદથી આપણાં દુશ્મનને જમીનદોસ્ત કરતા આઘાત આપ્યા છે. આ પ્રકારના સુખદ સંજોગોને કારણે હિંદીઓને આજે પોતાની રાષ્ટ્રીય મુક્તિ હાંસલ કરવા માટે અદ્દભૂત તક સાંપડી છે.

તાજેતરના ઈતિહાસમાં પહેલી જ વખત, વિદેશમાં હિંદીઓ પણ રાજકીય રીતે જાગૃત બન્યા છે અને એકજૂથમાં સંગઠીત થયા છે. તેઓ ન માત્ર વિચાર અને લાગણીઓમાં, તેમના દેશબાંધવો સાથે એકાત્મતા અનુભવે છે, પણ મુક્તિ તરફ દોરતા પથ પર તેઓ પોતાના દેશબાંધવો સાથે કદમતાલ મેળવી કૂચ કરી રહ્યાં છે. ખાસ કરીને પૂર્વ એશિયામાં વીસ લાખ કરતાં પણ વધુ હિંદીઓ હવે એક મજબૂત વ્યવસ્થિત જૂથમાં સમગ્ર યુદ્ધ-સજ્જતા (Total Mobilization) ના નારાથી પ્રેરિત થઈ સંગઠિત થયા છે. તેમની સામે હિંદની મુક્તિ માટેના લશ્કરના સૈનિકોની અડોઅડ ઊભેલી કતારોની કતારો છે. જેમના હોઠ પર 'દિલ્હી ચલો'નો નારો છે. પોતાના દંભથી હિંદીઓને નિરાશામાં ધકેલીને અને બેબાક નિર્લજ્જ લૂંટ ચલાવીને હિંદીઓને ભૂખમરા અને મોતના મુખમાં ધકેલનાર બ્રિટિશ હિંદના શાસને હિંદના લોકોની શુભ લાગણી ગુમાવી દીધી છે અને હવે તેનું અસ્તિત્વ તંતુના આધારે ટકી રહ્યું છે.

આવા શાસનના છેવટના અંશનો નાશ કરવા માટે એક ચિનગારી પૂરતી છે અને તે ચિનગારી બનવાનું કામ આ હિંદની મુક્તિ માટેના લશ્કરનું છે. વતનમાં રહેતા દેશવાસીઓનો ઉત્સાહભેર ટેકો અને બ્રિટનના હિંદી લશ્કરના મોટા હિસ્સાના ટેકા સાથે બહાદુર અને અજેય વિદેશી સાથીઓનો ટેકો, આ બધાની ખાતરી સાથે, પરંતુ સૌ પ્રથમ પોતાના જ સામર્થ્ય પર આધારિત હિંદની મુક્તિ ફોજ તેની ઐતિહાસિક ભૂમિકાને પૂરો ન્યાય આપવા માટે શ્રદ્ધા ધરાવે છે.

હવે જ્યારે આઝાદીની ઉષા હાથવેંતમાં છે ત્યારે હિંદીઓની ફરજ બને છે કે તેઓ પોતાનું કામચલાઉ શાસન સ્થાપે અને આ અંતિમ સંઘર્ષ એ શાસનના વાવટા હેઠળ શરૂ કરે. પરંતુ હિંદના બધા જ નેતાઓ કારાવાસમાં છે અને વતનના દેશવાસીઓ સંપૂર્ણતઃ શસ્ત્રહિન છે ત્યારે હિંદમાં જ રહીને કામચલાઉ શાસન સ્થાપવું અથવા તો તે શાસનના નામે સશસ્ત્ર સંઘર્ષ શરૂ કરવો શક્ય નથી. તેથી જ વતનમાં અને વિદેશમાં વસતા સૌ દેશભક્તોના ટેકા સાથે પૂર્વ એશિયા સ્થિત ઈન્ડિયન ઈન્ડિપેન્ડન્સ લીગ (આઈઆઈએલ)ની ફરજ બને છે કે તેઓ આ કામ હાથ ધરે- આઝાદ હિંદની કામચલાઉ સરકારની સ્થાપનાનું અને લીગે સંગઠિત કરેલી આઝાદ હિંદ ફોજની મદદથી આઝાદીની છેલ્લી લડાઈ ચલાવવાનું કાર્ય કરે.

ઈશ્વરનાં નામે, આગળની જે પેઢીઓએ હિંદના અનેકવિધ લોકોને એક રાષ્ટ્રમાં જોડ્યા તેઓના નામે અને મૃત્યુ પામેલા શૂરવીરોને નામે જેમણે આપણને વારસામાં શૂરવીરતા અને આત્મબલિદાનની પરંપરા આપી છે- આપણે હિંદના લોકોને આવાહ્ન કરીએ છીએ કે- આપણાં વાવટા હેઠળ એકજૂટ થાય અને હિંદની મુક્તિ માટે પ્રયત્ન કરે. આપણે આવાહ્ન કરીએ છીએ કે તેઓ હિંદમાં બ્રિટિશ અને તેમના સાથીઓ સામેનો અંતિમ સંઘર્ષ શરૂ કરે. આપણે તેમને આવાહ્ન કરીએ છીએ કે આ સંઘર્ષ તેઓ બહાદુરી અને સતત ખંતીલા પ્રયાસ સાથે અંતમાં વિજય મેળવવાના અડગ વિશ્વાસ સાથે લડતા રહે. જ્યાં સુધી હિંદની જમીન પરથી દુશ્મનને બહાર કાઢી ન મૂકીએ અને હિંદીઓ ફરી એકવાર એક આઝાદ રાષ્ટ્ર બને ત્યાં સુધી.

આઝાદ હિંદની કામચલાઉ સરકાર વતી સહી કરી :- સુભાષચંદ્ર બોઝ, રાજ્યના વડા, પ્રધાનમંત્રી અને યુદ્ધમંત્રી, વિદેશમંત્રી, આઝાદ હિંદ ફોજના સર્વોપરી અને બીજા વીસ લોકો જેમાં રાસબિહારી બોઝ (સર્વોપરી સલાહકાર)નો પણ સમાવેશ થયો. ■

**અને છેલ્લે :** ● ભારતમાં ખરાબ રસ્તાઓને કારણે ૨૦૨૧માં ૧.૫૫ લાખ લોકોના મોત થયા હતા. ભારતમાં અત્યારે જે હાઈવે છે તેમાંથી માત્ર ૩ ટકા નેશનલ હાઈવે ફોર લેન છે. ભારતમાં કુલ હાઈવેમાંથી ૭૫ ટકા ટુ લેન છે. અમેરિકા જેવા રસ્તાઓની ડંફાસ ત્યારે ખુલ્લી પડી કે જ્યારે બુંદેલખંડ એક્સપ્રેસ વે ધોવાયો. ● વિદેશી હુંડિયામણ અનામતમાં એક વર્ષમાં ૧૦૦ અબજ ડોલરથી વધુનું ધોવાણ, હુંડિયામણ અનામત ઘટીને ૫૩૨ અબજ ડોલર, બે વર્ષના તળિયે. ● ડોલર વધુ ઊછળીને ૬.૮૩ નજીક પહોંચ્યો.

# ‘ભારત જોડો યાત્રા’ એટલે તૂટેલાં લોકતંત્રનાં મંદિરને જોડવાની યાત્રા

**રાહુલ ગાંધી જનતાની અદાલતમાં એ ફરિયાદ લઇને ગયાં છે કે ભારતના પૂર્વજોએ પોતાનું લોહી રેડીને દુનિયાભરમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર લોકતંત્રનું જે મંદિર ઊભું કર્યું હતું તેના પર કબજો કરીને ઇતિહાસના ખલનાયકોએ તેને ધરાશયી કરી નાખ્યું છે**

**મહાભારતનું** યુદ્ધ માત્ર કૌરવો અને પાંડવો વચ્ચે નહોતું. આ સત્ય અને અસત્ય વચ્ચેનું યુદ્ધ હતું. તે ન્યાય અને અન્યાય વચ્ચેનું યુદ્ધ હતું. તે સંસાધન અને સંસાધન-વિહીનતા વચ્ચે યુદ્ધ હતું. તે અહંકાર અને વિનમ્રતા વચ્ચે યુદ્ધ હતું. તે લૂંટ અને ભાગીદારી વચ્ચેનું યુદ્ધ હતું. તે સરમુખત્યારશાહી અને લોકશાહી વચ્ચેનું યુદ્ધ હતું. તે સત્તાલોલુપતા અને રાજધર્મ વચ્ચેનું યુદ્ધ હતું.




આજે હજારો વર્ષ બાદ હિંદુસ્તાનની ધરતી બદલાયેલી પરિસ્થિતિમાં તે પ્રકારના ચક્રવ્યૂહમાં ફસાઈ ગઈ છે. ભારતના લોકતંત્ર પાસેથી તેની તમામ સંસ્થાઓ છીનવી લેવામાં આવી છે. અખૂટ સંપત્તિ અને સંસાધનો પર બે-ચાર લોકોનો કબજો છે અને મીડિયા હોય, પછી કાયદા પાલક સંસ્થાઓ હોય, અદાલતો હોય કે અન્ય બંધારણીય સંસ્થાઓ હોય- તમામને કાં તો પાંગળી-વિકલાંગ બનાવી દેવામાં આવી છે. અથવા તો તેમને ‘પાંજરાના પોપટ’ બનાવી દેવાઈ છે કે જેથી તેમની પાસેથી મરજી મુજબનાં શિકાર કરાવી શકાય.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની ઉદયપુર ચિંતન શિબિરમાં રાહુલ ગાંધીએ દેશની પરિસ્થિતિ પર ઈશારો કરતા જણાવ્યું હતું કે, ‘‘આજે આપણને ચર્ચા કરવાની મંજૂરી નથી. સંસદમાં આપણાં માઈક બંધ કરી દેવામાં આવે છે. સભ્યોને બહાર ફેંકી દેવામાં આવે છે. ન્યાય તંત્ર દબાણ હેઠળ છે. સંવાદની પરંપરાને કચડી નાંખવામાં આવી છે. આ દેશની સંસ્થાઓને તેમનું કામ કરવા દેવામાં આવતું નથી. મીડિયા પોતાની કામગીરી કરી શકતાં નથી. આપણે અત્યંત ગંભીર સંકટનો સામનો કરી રહ્યાં છીએ. પેગાસસ દ્વારા આ દેશના રાજકીય વર્ગને બોલતાં રોકવામાં આવી રહ્યાં છે. દેશ આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. મોંઘવારી અને બેરોજગારી ઈતિહાસની સૌથી મોટી સમસ્યા બની ગઈ છે. હવે પ્રશ્ન એ છે કે, કોંગ્રેસે શું કરવું જોઈએ ? આપણી જવાબદારી જનતા સાથે અડીખમ ઊભા રહેવાની છે. આપણે જનતા પાસે જવું પડશે. આપણાં માટે નહીં પણ દેશ માટે. ‘‘હવે આપણે કંઈ વગર વિચાર્યે જનતા વચ્ચે જવું જોઈએ.’’

ત્યારબાદ રામલીલા મેદાન ખાતે યોજાયેલી મોંઘવારી રેલીમાં પણ તેમણે દોહરાવ્યું હતું કે તમામ




**'ભારત જોડો યાત્રા' દરમિયાન આપણે જોયું કે રાહુલ ગાંધીનો કાફલો જ્યારે જુદાં જુદાં કસબાં, વસતીઓમાંથી પસાર થાય છે તો ત્યાંની મહિલાઓ કાફલો પસાર થયા બાદ પાછળથી પૃથ્વીને સ્પર્શ કરીને પ્રણામ કરે છે, જનતાનાં મનમાં યાત્રા પ્રત્યે અપાર શ્રદ્ધાભાવ છે**

સંસ્થાઓ અને એજન્સીઓ, મીડિયા અને અદાલતો જનતા પાસેથી છીનવી લેવામાં આવી છે. હવે આપણે જનતાની અદાલતમાં જવું પડશે. કમનસીબે મીડિયા અને બુદ્ધિજીવી વર્ગે આ હકીકતની ઉપેક્ષા કરી છે અને વિપક્ષોએ આ ચિંતા પર ધ્યાન આપ્યું નથી. દેશના વિપક્ષો આટલી લાચારી-નિઃસહાયતાનું પ્રદર્શન કરે તેના પરથી સ્પષ્ટ નિર્દેશ મળે છે કે, દેશમાં લોકતંત્રની હત્યા થઈ ચૂકી છે અને જેટલા ચમકીલા, ઝળહળતા ઉત્સવો થઈ રહ્યાં છે, તે બધાં લોકતંત્રની લાશ પર કરવામાં આવી રહેલાં તમાશા છે.

જો આ પરિસ્થિતિનું વિશ્લેષણ કરીએ તો મહાપ્રાણ નિરાલાની કવિતા ''રામ કી શક્તિપૂજા'' યાદ આવે છે. શક્તિ અત્યાચારી રાવણ પાસે છે, જેણે મા સીતાનું અપહરણ કર્યું છે. તે અત્યાચારી પણ છે અને તાકાતવર શક્તિ સંપન્ન પણ છે. ભગવાન રામ ઘોર નિરાશા અને ચિંતામાં છે. આખરે જામવંતના સૂચન પર તેઓ શક્તિપૂજા શરૂ કરે છે. પોતાની આરાધનામાં તેમણે દેવીને આસમાની વાદળી રંગના ૧૦૮ કમળનાં ફૂલ અર્પણ કરવાનો સંકલ્પ લીધો છે, પરંતુ તેમનાં ૧૦૮ કમળ પુષ્પમાંથી એક પુષ્પ ગાયબ છે. તે ગાયબ કમળ પુષ્પના સ્થાને અંતે તેઓ પોતાની આંખ જ માતાના ચરણોમાં સમર્પિત કરવાનો સંકલ્પ લે છે.

રાહુલ ગાંધીની 'ભારત જોડો' યાત્રા આ શક્તિપૂજા સમાન છે, જ્યાં તેમને એક અત્યાચારી શાસનનો સામનો કરવાનો છે. જેમની પાસે અક્ષૌહિણી સેના છે, સંસાધનો છે, બળ છે અને સંસ્થાઓ-એજન્સીઓ સ્વરૂપે બંધારણીય સત્તા પણ તેમનો સાથ આપી રહી છે. જો કે અંતિમ આશાનું કિરણ એ છે કે, લોકતંત્રમાં જનતા જ સર્વશક્તિમાન છે અને હવે રાહુલ ગાંધીનાં નેતૃત્વમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ તે જનશક્તિની ઉપાસનામાં મગ્ન છે.

જો આપણે ભારતના ઇતિહાસ તરફ દૃષ્ટિપાત કરીશું તો મહાત્મા બુદ્ધ, મહાવીર, કેશકંબલી અને સમ્રાટ અશોકના જમાનાથી આપણાં સમાજમાં યાત્રાઓ પ્રત્યે જનતાનાં મનમાં એક આધ્યાત્મિક પ્રકારનો આદર રહ્યો છે. 'ભારત જોડો યાત્રા' દરમિયાન આપણે જોયું કે રાહુલ

ગાંધીનો કાફલો જ્યારે જુદાં જુદાં કસબાં, વસતીઓમાંથી પસાર થાય છે તો ત્યાંની મહિલાઓ કાફલો પસાર થયા બાદ પાછળથી પૃથ્વીને સ્પર્શ કરીને પ્રણામ કરે છે. જનતાનાં મનમાં યાત્રાઓ પ્રત્યે અપાર શ્રદ્ધાભાવ છે. મહાત્મા ગાંધી અને સ્વામી વિવેકાનંદનાં આશીર્વાદ લઇને શરૂ થયેલી આ યાત્રા શ્રી નારાયણ ગુરુનાં દરબાર થઇને કેરળની સાંસ્કૃતિક રાજધાની ત્રિશૂર પાર કરીને કર્ણાટકના મશહૂર શહેર મૈસૂર પહોંચીને આગળ વધી રહી છે અને આ યાત્રા અત્યારે દેશનાં તમામ પવિત્ર સ્થળો, મહાત્માઓ અને જનતા-જનાર્દનની વસાહતો-વસ્તીમાંથી પસાર થવાની છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દક્ષિણથી પરત આવીને જ રામ નાયક બન્યાં હતા. શંકારાચાર્યની જે યાત્રાએ ભારતમાં સાંસ્કૃતિક-ધાર્મિક સમન્વય સ્થાપિત કર્યો હતો તે પણ દક્ષિણથી ઉત્તર આવી હતી. દક્ષિણથી શરૂ કરીને આલવારો અને અક્ક મહાદેવીની ભક્તિ મહારાષ્ટ્રમાંથી પસાર થઇને કબીર, નાનક, સૂર, રસખાન અને તુલસી સુધી પહોંચી હતી અને ભક્તિ આંદોલનનું સૂત્રપાત થયું હતું.


આમ જનતાને ભટકાવવામાં માહેર સંઘ પરિવાર એવો ભ્રમ ફેલાવી રહ્યો છે કે ‘‘ભારત તો એક જ દેશ છે, રાહુલ ગાંધી કેમ જોડવા નીકળ્યા છે ? હવે તેનો ખુલાસો ટીવી ચેનલોના નક્કારખાનામાં નહીં, જનતા દરબારમાં જ આપવામાં આવશે કે ૧૪૦ કરોડ લોકોની આસ્થાઓનું પ્રતિનિધિત્વ કરનારા લોકતંત્રના મંદિરને ધરાશયી કરી દેવામાં આવ્યું છે. તેના એક એક સુંદર સ્તંભને તોડીને છિન્નભિન્ન કરી દેવામાં આવ્યા છે. જનતાની જિંદગીને લગતાં મુદ્દાઓ પર વાત કરવામાં આવતી નથી. મોંઘવારી, બેરોજગારી, આર્થિક સંકટ જેવી સમસ્યાઓ સાથે કામ લેવા માટે ‘ભાગલા પાડો અને રાજ કરો’ની અંગ્રેજ નીતિ લાગુ કરાઈ રહી છે કે જેથી જનતા અંદરો અંદર લડે અને અસલી સંકટ ભૂલી જાય.

રાહુલ ગાંધી જનતાની અદાલતમાં એ જ ફરિયાદ લઇને ગયા છે કે ભારતના પૂર્વજોએ પોતાનું લોહી વહેવડાવીને પોતાના પ્રાણ ન્યોચ્છાવર કરીને દુનિયાભરમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનારા લોકતંત્રનું જે મંદિર ઊભું કર્યું હતું, તેને ઇતિહાસના ખલનાયકોએ તેના પર કબજો જમાવીને જમીનદોસ્ત કરી નાખ્યું છે. બંધારણીય સંસ્થાઓનો વિપક્ષી નેતાઓનો શિકાર કરવાના કામમાં ઉપયોગમાં લેવામાં આવી રહી છે. રાજકીય દ્વેષ હેઠળ ‘વિપક્ષ-મુક્ત ભારત’ના અભિયાનની લોકતંત્ર-વિરોધી જવાબદારી કાયદા-પાલક સંસ્થાઓના ખભે થોપી દેવામાં આવી છે. આશ્ચર્યની વાત એ છે કે આ એજન્સીઓ ચોંકી ઊઠીને જવાબદારી હટાવી દેવાના બદલે બળદોની જેમ તેનો બોજ વહન કરી રહી છે.

તો પછી હવે ક્યો માર્ગ-વિકલ્પ બચ્યો છે ? ભારતની જનતાએ સંગઠિત થઇને પોતાના પૂર્વજોના બલિદાનની કિંમત પર હાંસલ કરેલી લોકશાહી પર પુનઃ દાવો પ્રસ્થાપિત કરવાનો છે. સમગ્ર ભારતને એક સૂત્રમાં જોડવાનું છે અને દેશની દિશાને શાંતિ, સમૃદ્ધિ અને સૌહાર્દ તરફ વાળવાની છે. હવે ફેંસલો જનતાનાં હાથમાં છે. ■

(લેખક કોંગ્રેસ સાથે સંકળાયેલા જેએનયુ વિદ્યાર્થી સંઘના અધ્યક્ષ રહી ચૂક્યા છે)



# લોકડાઉન ૩.૦ અંગે કોંગ્રેસના મોદી સરકારને પાંચ વેધક સવાલો

**રેલવે મંત્રાલય પીએમ કોરોના ફંડમાં રૂ.૧૫૧ કરોડ દાન કરવાની ઉદારતા દાખવે છે ત્યારે આ વિકટ સંકટના સમયે આપણાં રાષ્ટ્રનાં અર્થતંત્રની કરોડરજ્જુ સમાન એવા શ્રમિકો પ્રત્યે વિનામૂલ્યે રેલ પ્રવાસનું સૌજન્ય કેમ ન દાખવી શકે ?**

પ્રકરણ-૨૩

(ગતાંકથી ચાલુ)

**કોંગ્રેસે** જણાવ્યું કે ૧૩૦ કરોડ ભારતીયો સરકાર પાસે આ પાંચ વેધક સવાલોના જવાબ ઝંખે છે :

૧. લોકડાઉન ૩.૦નો હેતુ શું છે ? તેની પાછળ ક્યો હેતુ, ઉદ્દેશ્ય અને રણનીતિ છે.

૨. શું હવે ભવિષ્યમાં લોકડાઉન ૪.૦ અને લોકડાઉન ૫.૦ આવશે ? તેનો સંપૂર્ણ અંત ક્યારે આવશે ?

૩. ૧૭, મે-૨૦૨૦ સુધીમાં કોરોના વાઈરસ અને આર્થિક મહામારી સામે કામ લેવા સરકારની શી યોજના છે ? ૧૭ મે સુધીમાં સરકાર દ્વારા કેવા નક્કર અને સકારાત્મક પગલાં લેવામાં આવશે ?

૪. લોકડાઉન ૩.૦માંથી એક્ઝિટ સ્ટ્રેટેજી શું છે? રાષ્ટ્ર માટે વડા પ્રધાન મોદીના વિચાર અને નીતિ શું છે ? રિવાઈવલ માટે સરકારની રણનીતિ શું છે ?

૫. લગભગ ૮ થી ૧૦ કરોડ પ્રવાસી શ્રમિકની સુરક્ષિત અને સમયબદ્ધ વાપસી માટેની સમયમર્યાદા શું છે ?

**કોંગ્રેસ પક્ષના સાત ઉકેલ :**

શ્રીમતી સોનિયા ગાંધી અને શ્રી રાહુલ ગાંધીએ 'ફાયનાન્શિયલ એકશન પ્લાન પાર્ટ-૨'ની તત્કાળ જાહેરાત અને અમલ અંગે વારંવાર રજૂઆત કરી છે અને વડા પ્રધાનને સંખ્યાબંધ પત્રો લખીને કેટલાંક નક્કર સૂચનો પણ આપ્યા છે :



૧) મોદી સરકારે માત્ર ૧૫ દિવસના જ સમયગાળામાં ફસાયેલા લાખો પ્રવાસી શ્રમિકો માટે સેનિટાઈઝડ ટ્રેનમાં વિનામૂલ્યે પ્રવાસની વ્યવસ્થા સુનિશ્ચિત કરવી જોઈએ. તેઓ સરકારની પ્રથમ જવાબદારી છે એ રીતનો તેમની સાથે વર્તાવ કરવો જોઈએ.

૨) ભારતના ગરીબ-શ્રમિકો ખેડૂતોને જનધન ખાતાઓ, પીએમ કિસાન યોજના ખાતાઓ, મનરેગા શ્રમિક ખાતાઓ તેમજ સિનિયર સિટીઝન, વિધવા, દિવ્યાંગોનાં ખાતામાં ડીબીટી દ્વારા તાત્કાલિક રૂ.૭૫૦૦/- ટ્રાન્સફર કરવા જોઈએ. આ ઉપરાંત પ્રતિ વ્યક્તિ, પ્રતિ પરિવાર દીઠ ૧૦ કિલો અનાજ (ઘઉં કે ચોખા) એક કિલો કઠોળ અને અડધો કિલો ખાંડ નિર્વાહ માટે આપવા જોઈએ.

૩) ખેડૂતોના સમગ્ર પાકની એમએસપી પર ખરીદી કરીને તેની ૨૪ કલાકમાં ચૂકવણી કરવી જોઈએ. શેરડીના ખેડૂતો કે અન્ય ખેડૂતોને ચૂકવવા પાત્ર થતી સમગ્ર રકમ સાત દિવસમાં ચૂકવી દેવી જોઈએ. તમામ વસૂલાત એક વર્ષ માટે પછી ઠેલવી જોઈએ અને વ્યાજ માફી આપવી જોઈએ.

૪) ૪.૨૫ કરોડ માઈક્રો, સ્મોલ અને મીડિયમ ઈન્ડસ્ટ્રીઝ (MSMEs) માટે રૂ.૨૦,૦૦૦ કરોડનું 'સેલેરી એન્ડ

ક્રેડિટ પેકેજ આપવું જોઈએ.

૫) તમામ મધ્યમ વર્ગો અને પગારદાર વર્ગો માટે 'જોબ એન્ડ પે પ્રોટેક્શન પેકેજ' સુનિશ્ચિત કરવું જોઈએ કે જેથી બેરોજગારી અને પગાર પર અભૂતપૂર્વ કપાતની વિપરીત અસરો ખાળી શકાય.

૬) કોરોના ટેસ્ટિંગ અનેકગણું વધારવું જોઈએ. ડૉકટરો, નર્સો અને સ્વાસ્થ્ય કર્મીઓને નાણાકીય પેકેજ આપવા ઉપરાંત પર્સનલ પ્રોટેક્શન ઈક્વિપમેન્ટસ તત્કાળ પૂરા પાડવા જોઈએ. આવા જ લાભ પોલીસ કર્મીઓ, સફાઈ કર્મચારીઓ અને આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલાં કર્મચારીઓને આપવા જોઈએ.

૭) ભારત સરકારે ખોટા દુર્વ્યય અને ખર્ચાને તાત્કાલિક બંધ કરી દેવા જોઈએ. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ખોટાં ખર્ચામાં ૩૦ ટકા કાપ મૂકવા ઉપરાંત રૂ. ૨૦,૦૦૦ કરોડના સેન્ટ્રલ વિસ્ટા બ્યુટિફિકેશન પ્રોજેકટ રૂ.૧,૧૦,૦૦૦ કરોડનો બુલેટ ટ્રેન પ્રોજેકટ, વડા પ્રધાનના પ્રવાસ માટે રૂ.૮,૪૫૮ કરોડના સ્પેશિયલ વિમાનની ખરીદી જેવા પ્રોજેક્ટ સ્થગિત કરવા જોઈએ. આ રીતે બચાવવામાં આવતા નાણાનો ઉપયોગ કોરોના સામે લડવા રૂ.એક લાખ કરોડનું પેકેજ રાજ્યોને આપવા પાછળ ખર્ચવા જોઈએ.

કોરોના સામે એકપક્ષીય રીતે નહીં, પરંતુ સંગઠિત લડત આપવી જોઈએ.

**પ્રવાસી શ્રમિકો પર કોંગ્રેસ પ્રમુખ શ્રીમતી સોનિયા ગાંધીનું તા.૪, મે-૨૦૨૦નું નિવેદન :**

આપણાં કામદારો અને શ્રમિકો આપણાં અર્થતંત્રની કરોડરજ્જુ સમાન છે. તેમનો પરિશ્રમ અને તેમનું બલિદાન આપણાં રાષ્ટ્રનાં પાયા સમાન છે. કેન્દ્ર સરકારે લોકડાઉન માટે માત્ર ચાર કલાકની જ ટૂંકી નોટિસ આપી હોવાથી કામદારો અને પ્રવાસી શ્રમિકોને તેમના વતન પરત ફરવા સામે પડકાર ફેંકવામાં આવ્યો હતો. ૧૯૪૭ના ભાગલા બાદ ભારતમાં પ્રથમ વખત આવી કરૂણાંતિકા જોવા મળી છે કે જેમાં હજારો પ્રવાસી કામદારો અને શ્રમિકોને ખોરાક, દવા, નાણાં, પરિવહન વગર પગપાળા ચાલીને સેંકડો કિ.મી. ચાલીને પોતાનાં વતન પરત ફરવાની ફરજ પાડવામાં આવી હતી.

આ સ્થિતિમાં સરકારની શું જવાબદારી છે ? હજુ પણ આજે દેશનાં જુદાં જુદાં ભાગોમાં લાખો કામદારો અને પ્રવાસી શ્રમિકો સબડી રહ્યાં છે અને તેઓ પોતાના વતન પરત જવા ઈચ્છે છે, પરંતુ તેમની પાસે ન તો પૂરતાં નાણાં છે કે ન તો વિનામૂલ્યે પરિવહનની કોઈ જોગવાઈ. ખાસ કરીને ચિંતાજનક બાબત એ છે કે, કેન્દ્ર સરકાર અને રેલવે મંત્રાલય આ કટોકટી અને સંકટની પળે તેમની પાસેથી રેલ ભાડાં વસૂલી રહી છે.

આપણાં કામદારો અને શ્રમિકો આપણાં રાષ્ટ્રનાં વિકાસના દૂતો છે જ્યારે આપણી સરકાર વિદેશમાં ફસાયેલા આપણાં નાગરિકો માટે વિનામૂલ્યે વિમાન પ્રવાસની વ્યવસ્થા કરીને પોતાની જવાબદારી સમજે છે, જ્યારે આપણી સરકાર ગુજરાતમાં માત્ર એક જાહેર કાર્યક્રમ પાછળ પરિવહન અને ભોજન માટે રૂ.૧૦૦ કરોડ જેટલી રકમ ખર્ચી શકે છે, જ્યારે રેલવે મંત્રાલય પીએમ કોરોના ફંડમાં રૂ.૧૫૧ કરોડ દાન કરવાની ઉદારતા દાખવે છે ત્યારે આ વિકટ સંકટના સમયે આપણાં રાષ્ટ્રનાં માળખાના આ આવશ્યક સભ્યોને ખાસ કરીને વિનામૂલ્યે રેલ પ્રવાસનું સૌજન્ય કેમ ન દાખવી શકે ?

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ લોકડાઉનની શરૂઆતથી જ આ મુદ્દો ઊઠાવી રહી છે. અમારી વારંવારની માગણી છતાં કેન્દ્ર સરકાર અને રેલવે મંત્રાલયે તેની સંપૂર્ણ ઉપેક્ષા કરી છે.

આથી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે એવો નિર્ણય કર્યો છે કે પ્રત્યેક પ્રદેશ કોંગ્રેસ સમિતિ પ્રત્યેક જરૂરિયાતમંદ કામદાર અને પ્રવાસી શ્રમિકના રેલ પ્રવાસનો ખર્ચ ઊઠાવશે અને આ સંદર્ભમાં જરૂરી પગલાં લેશે.

**રાહુલ ગાંધીનું તા.૮, મે-૨૦૨૦નું નિવેદન :**

ભારતમાં પ્રથમ લોકડાઉન લાગુ કરાયાને આજે ૪૫ દિવસ થયા છે. હવે જ્યારે દેશભરમાં કોવિડ-૧૯ વાઈરસ સામે લડાઈ ચાલી રહી છે. ત્યારે વાસ્તવિકતા એ છે કે સંપૂર્ણ લોકડાઉનના કારણે અકલ્પનીય પ્રમાણમાં આર્થિક સુનામી સર્જાઈ છે. વિશ્વના મોટા ભાગનાં દેશોએ અર્થતંત્રને રીવાઈવ કરવા જંગી પેકેજ જાહેર કર્યા છે ત્યારે

ભારતમાં સરકાર ખેડૂતો, પ્રવાસી શ્રમિકો અને દૈનિક રોજમદારો તેમજ પ્રવાસન, ઓટોમોબાઈલ્સ, રિટેલ જેવા ઉદ્યોગો માટે આર્થિક પેકેજ જાહેર કરવાની પોતાની જવાબદારીમાંથી છટકી રહી છે.

આથી આ પત્રકાર પરિષદમાં કોંગ્રેસ દ્વારા સઘન આંતરિક વિચાર વિમર્શ બાદ ઉદ્‌ભવેલ આર્થિક પ્રોત્સાહન પેકેજ અંગે હું મારા કેટલાંક વિચારો જાહેર કરવા માગુ છું હું આશા રાખું છું કે સરકાર આ વિચારો પર ગંભીર વિચારણાં કરશે અને આર્થિક પેકેજમાં તેને સામેલ કરવા માટે વિચારણા કરશે. હું આશા રાખું છું કે, સરકાર હવે વિના વિલંબે આર્થિક પેકેજ જાહેર કરશે.

**ભલામણો :**

૧. દેશમાં કમસેકમ સૌથી ગરીબ એવા ૧૩ કરોડ પરિવારોને 'આર્થિક સહાય' પૂરી પાડો, પ્રત્યેક પરિવારને રૂ.૭૫૦૦ ટ્રાન્સફર કરો. જો ૧૩ કરોડ પરિવારને રૂ.૫૦૦૦ ટ્રાન્સફર કરાય તો તેની પાછળ કુલ રૂ.૬૫૦૦૦ કરોડનો બોજ આવશે જે આપણે વહન કરી શકીએ તેમ છીએ અને વહન કરવો જોઈએ.

૨. **મનરેગા :** લોકોને ખાસ કરીને શ્રમિકોને વધુ રાહત આપવા અને કમાણી કરવા માટે તક પૂરી પાડવા મનરેગા હેઠળ સવેતન રોજગારના જે ૧૦૦ દિવસો છે વધારીને બમણાં એટલે કે ૨૦૦ દિવસ કરવા જોઇએ. આપણી વસ્તીના ૨૮-૩૦ ટકા લોકો શહેરી વિસ્તારોમાં વસે છે. મનરેગા જેવી બાહેંધરી આપતા વેતન રોજગાર કાર્યક્રમનો શહેરી વિસ્તારોમાં પણ અમલ કરવો જોઇએ.

૩. **ખાદ્ય સુરક્ષા :** હાલ પીડીએસમાંથી બાકાત છે એવા ૧૧ કરોડ લોકો માટે પણ ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરો. પ્રત્યેક વ્યક્તિને દર મહિને હજુ પણ આગામી છ મહિના માટે ૧૦ કિલો અનાજ (ઘઉં કે ચોખા), ૧ કિલો કઠોળ અને ૧ કિલો ખાંડનું વિતરણ થાય તે સુનિશ્ચિત કરવા વિનંતી.

૪. **કૃષિ અને ખેડૂતો :** 'અન્નદાતા' ખેડૂતને અધિકારીતા આપીને સહાય કરો :

— પ્રત્યેક ૮.૨૨ કરોડ પીએમ કિસાન યોજના ખાતામાં અર્જન્ટ ઈન્કમ સપોર્ટ તરીકે રૂ.૧૦,૦૦૦ ટ્રાન્સફર કરો.

— તમામ અનાજની એમએસપીની ખરીદી કરવામાં આવે.

— ખાતરો, જંતુનાશકો અને કૃષિ ઉપકરણો પરથી જીએસટી હટાવવામાં આવે.

૫. **એમએસએમઈ :** ૬.૨૫ કરોડ એમએસએમઈ દર વર્ષે ૧૧ કરોડ રોજગારનું સર્જન કરે છે. એમએસએમઈને રૂ.૧ લાખ કરોડની 'વેજ પ્રોટેક્શન સ્કીમ' અને રૂ.૧ લાખ કરોડની 'ક્રેડિટ ગેરંટી સ્કીમ' આપો. એમએસએમઈ દ્વારા લેવાયેલ લોન પર છ મહિનાનાં વ્યાજ જેટલી છ મહિનાની વ્યાજ સબસિડી આપો.

૬. **મોટા ઉદ્યોગો :** એજ રીતે મોટા ઉદ્યોગ-ધંધાઓને જો તેઓ એન્સિલરી/ઓક્ઝિલરી યુનિટસને સહાય પૂરા પાડે તો તેમને આવી જ ક્રેડિટ ગેરંટી અને ઈન્ટરનેટ સબસિડીનો લાભ આપવો જોઈએ. તેના કારણે વેલ્યૂચેઈન ચાલુ રહેશે અને કોઈની છટણી કરવી નહીં પડે.

૭. **દુકાનદારો :** હોટસ્પોટ્સ સિવાય રિટેઈલ સપ્લાય ચેન પણ પુનઃ પ્રસ્થાપિત કરવી જોઈએ નહીં. તેના કારણે ભારતભરમાં ૭ કરોડ દુકાનદારોને રાહત મળશે.

૮. **પ્રવાસી શ્રમિક :** ટ્રેનો કેન્સલ કરી પ્રવાસી શ્રમિકને કેટલાંક રાજ્યોમાં રહેવાની ફરજ પાડવામાં આવી રહી છે. એવા સમાચારો જાણીને હું ઘણો જ વ્યથિત થયો છું. તેઓ વેઠિયા મજૂરો નથી અને તેમને તેમની મરજી મુજબ ઘરે પ્રવાસ કરવા દેવા માટે મંજૂરી આપવી જોઈએ. બસો અને ટ્રેનોની જાહેરાત બાદ પણ હજારો પ્રવાસીઓને તેમના ગામ પગે ચાલીને જવા માટે કેમ ફરજ પાડવામાં આવી રહી છે ?

**કોંગ્રેસ કારોબારી સમિતિનું તા.૨૩, જૂન-૨૦૨૦નું કોવિડ-૧૯ અંગે નિવેદન :**

કોંગ્રેસ કારોબારી સમિતિ ભારતમાં કોવિડ-૧૯

સંક્રમણ ઘટવાનાં બદલે સતત વધી રહ્યું છે એ હકીકતથી અમે ખૂબ જ ચિંતિત છીએ. બીજી બાજુ આરોગ્ય નિષ્ણાતો કહે છે સંક્રમણનું 'પીક' હજુ સુધી આવ્યું નથી અને કોરોના મહામારીમાં પોતાના સ્વજનો ગૂમાવનારા ૧૪૦૦૦ કરતા વધુ પરિવારો પ્રત્યે ઊંડી દિલસોજી વ્યક્ત કરીએ છીએ.

કોંગ્રેસ કારોબારી સમિતિ પોતાની જિંદગી જોખમમાં મૂકી કોરોના સંક્રમિતોની અવિરત સારવાર અને સેવા કરનારા આપણાં ડૉકટરો, આપણી નર્સો, આપણાં પેરામેડિક્સ અને હોસ્પિટલ સ્ટાફ, આશા અને આંગણવાડી કાર્યકરો, પોલીસકર્મીઓ, સફાઈ કર્મીઓ અને અન્યો પ્રત્યે આભાર અને કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ. એ વાત આઘાતજનક છે આપણાં દેશમાં માત્ર આઠ દિવસમાં જ એક લાખ પોઝિટિવ કેસ નોંધાયા છે અને હવે દૈનિક ધોરણે રાષ્ટ્રવ્યાપી ૧૫૦૦૦ નવા કેસ નોંધાશે.

આ અસાધારણ સમયમાં અસાધારણ પગલાં લેવાની જરૂર છે. કોંગ્રેસ કારોબારી સમિતિ ભાવને નિયંત્રિત કરીને કોવિડ-૧૯ની સારવાર માટે મોટી કિંમત ચૂકવતા લોકોને રાહત આપવા કેન્દ્ર સરકારને અનુરોધ કરે છે. સરકારે ભાવ-નિયંત્રણ અને કોવિડની સારવાર માટે દવાઓની સરળ ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવી જોઈએ. તેમજ હાલ ચાલી રહેલ દવા, ઈન્જેકશન્સના બેફામ કાળાબજારને રોકવા જોઈએ.

કોંગ્રેસ કારોબારી સમિતિ એ હકીકત પ્રત્યે ધ્યાન દોરવા માગે છે કે મહામારીને ચાર મહિના વીતવા છતાં

## તમામ કોંગ્રેસ મુખ્યપ્રધાનોને કોંગ્રેસના પ્રમુખનો તા.૬ માર્ચ-૨૦૨૦નો પત્ર



**પ્રિય મુખ્યપ્રધાન,**

આપ ક્ષેમકુશળ હશો. આપણે હાલ વૈશ્વિક આરોગ્ય સંકટમાંથી પસાર થઈ રહ્યાં છીએ. દેશમાં પ્રભાવશાળી પ્રતિસાદ આપવાની તાકિદની આવશ્યકતા છે. છેલ્લા સપ્તાહમાં ભારતમાં કોવિડ-૧૯ના કન્ફર્મ્ડ કેસમાં ઉછાળો આવતા લોકોમાં ભારે ગભરાટ અને ફફડાટ વ્યાપી ગયો છે.

આ સંદર્ભમાં રાજ્ય સરકારોએ અસરકારક કાર્યવાહી અને તૈયારી અંગે પગલાં લેવાની અનિવાર્યતા છે. કોઈ પણ સંભવિત સંક્રમણને પ્રતિસાદ આપવા જાહેર હેલ્થકેર સુવિધાની ક્ષમતા વધારવી જોઈએ. રાજ્ય સરકારે જાહેર આરોગ્ય કર્મીઓની તેમની ફરજ અસરકારક રીતે બજાવવા શક્ય તમામ સહાય કરવી જોઈએ.

ભારતમાં કોવિડ-૧૯ના કન્ફર્મ્ડ કેસોમાં વધારાના સંદર્ભમાં કોન્ટેક્ટ આઇડેન્ટિફિકેશન અને આઇસોલેશન માટેનો પ્રોટોકોલ નિર્ધારિત કરવો જોઇએ. પ્રવેશના તમામ સ્થળો અને ક્વોરેન્ટાઈન સુવિધાઓ તાકિદે શરૂ કરવી જોઇએ.

છેલ્લે, વ્યાપક ગેરમાહિતીને ખાળવા મોટાપાયે જનજાગૃતિ અભિયાન હાથ ધરવાની જરૂર છે. સમુદાયોને સંબંધિત સ્વચ્છતા અને સેનિટેશન સહિતની તકેદારી અને પ્રતિરોધક પગલાંઓ અંગે વાકેફ કરવા જોઇએ. સ્થાનિક ભાષામાં સમર્પિત હેલ્પલાઇન્સ પણ શરૂ કરી શકાય.

મને વિશ્વાસ છે કે, રાજ્ય સરકાર કોવિડ-૧૯ સામેની આપણી સામૂહિક લડાઈમાં તમામ આવશ્યક પગલાં લેશે.

આપની સહૃદયી

**– સોનિયા ગાંધી**

મોદી સરકાર મૃત્યુ ઘટાડવા, પરીક્ષણ વધારવા, સંક્રમિતો શોધવા અને સોશિયલ ડિસ્ટન્સિંગ સુનિશ્ચિત કરવા તેમજ સૌથી નબળા વર્ગોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સુગ્રથિત રણનીતિ જાહેર કરવામાં નિષ્ફળ ગઈ છે. ઉપલબ્ધ હોસ્પિટલ બેડ્સ અને વેન્ટિલેટર્સ માટે રાષ્ટ્રવ્યાપી ડેટા ઉપલબ્ધ નથી. ભવિષ્યના પ્લાનિંગ અંગે પણ કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. પીએમ કેર્સ ફંડનો પણ ઘણો ઓછો ઉપયોગ થઈ રહ્યો છે અને પારદર્શિતા વગર તેનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. આઈસીએમઆર દ્વારા નિર્ધારિત ટેસ્ટિંગ પ્રોટોકોલ્સમાં સતત ફેરફાર કરાઈ રહ્યો છે.

કોરોના મહામારી સામે અસરકારક રીતે કામ લેવા કોંગ્રેસ કારોબારી સમિતિ કેન્દ્રને વધુ સુગ્રથિતતા અને ઝડપ સાથે કામ માટે સમાજના દરેક વર્ગને સાંકળીને તેમની સેવા લેવા અનુરોધ કરે છે.


હવે સમયનો તકાજો છે કે મોદી સરકાર આ તમામ મુદ્દાઓની ચર્ચા કરીને તેની છણાવટ કરે, રાષ્ટ્રને વિશ્વાસમાં લે અને પોકળ વચનો કે શબ્દોના બદલે નક્કર પગલાં સાથે ભારતીય જિંદગીઓ અને આજીવિકાને સુરક્ષિત કરે.

**જાહેર આરોગ્ય પર તા.૨, મે-૨૦૨૦નું વિપક્ષોનું સંયુક્ત નિવેદન :**

આપણાં દેશમાં મહામારીના બેફામ ઉછાળાના આ સમયમાં અને કેન્દ્ર સરકારને દેશભરમાં તમામ હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોને ઓક્સિજનનો અવિરત સપ્લાય સુનિશ્ચિત કરવા કેન્દ્ર સરકારને અનુરોધ કરીએ છીએ. અમે કેન્દ્ર સરકારને દેશભરમાં વિનામૂલ્યે મોટાપાયે સામૂહિક વેક્સિનેશન કાર્યક્રમ હાથ ધરવા અનુરોધ કરીએ છીએ. આ માટે રૂ.૩૫,૦૦૦ કરોડની અંદાજપત્રીય ફાળવણીનો વેક્સિનેશન કાર્યક્રમ માટે ઉપયોગ કરવો જોઈએ.

સોનિયા ગાંધી (આઈએનસી), એચ.ડી. દેવગૌડા (જદ-એસ), શરદ પવાર (એનસીપી), ઉધ્ધવ ઠાકરે (શિવસેના), મમતા બેનરજી (ટીએમસી), હેમંત સોરેન (જેએમએમ), એમ.કે. સ્ટાલિન (ડીએમકે), કુ.માયાવતી (બસપા), ફારૂક અબ્દુલ્લા (જેકેપીએ) અખિલેશ યાદવ (સપા), તેજસ્વી યાદવ (આરજેડી), સિતારામ યેચુરી (સીપીઆઈએમ) ■



# શ્રીમતી ઈન્દિરા ગાંધી એક આયર્ન લેડી

**ઈન્દિરાજીએ ભારત સામે ઊભો થતો વિકરાળ પ્રશ્ન, તેનાં પરિણામોનો ચિતાર આપ્યો, પરંતુ કિસિન્જરે એવાં પ્રકારનું વલણ દાખવ્યું કે તમે શું કરશો ? ઈન્દિરાજીએ ભારતનાં લશ્કરના વડા તરફ આંગળી ચીંધીને કહ્યું હું આમને અસરકારક પગલાં ભરવાનું કહીશ**

**ભારત** જેવા મહાન રાષ્ટ્રના ઈતિહાસમાં એક મહાન અધ્યાય નિર્માણ કરનાર શ્રીમતી ઈન્દિરા ગાંધીનો જન્મ ૧૯, નવેમ્બર-૧૯૧૭માં અલ્હાબાદના 'સ્વરાજ ભવન'માં નહેરુ પરિવારમાં થયો હતો. દાદા મોતીલાલ નહેરુએ નામ આપ્યું 'ઈન્દિરા'. પિતા પંડિત જવાહરલાલ નહેરુએ લાડકી બેટીનું નામ આપ્યું 'પ્રિયદર્શિની'. માતા કમલા નહેરુનું સ્વાસ્થ્ય હંમેશા કથળેલું રહેતું હોવાથી માતાના પ્યારથી ઈન્દિરાજી વંચિત રહેતા હતા.

શ્રીમતી ઈન્દિરા ગાંધીનાં જીવનકાળને યાદ કરતાં કેટકેટલી સ્મૃતિઓ નજર સમક્ષ તરી આવે છે. આ બધી વાતોનો ઉલ્લેખ કરવો અને તે બધું એક નાનકડાં લેખમાં સમાવવું શક્ય નથી. આથી કેટલાક મહત્ત્વનાં મુદ્દાઓનો જ ઉલ્લેખ કરીએ.



એક ભ્રામક માન્યતા છે કે, દેશનું વડાપ્રધાન પદ તેમને વારસાઈથી પ્રાપ્ત કર્યું. ખરી હકીકતે સને ૧૯૬૪માં જવાહરલાલજીનાં અવસાન પછી વડાપ્રધાન પદે લાલબહાદુર શાસ્ત્રીજી હતા. તાસ્કંદ મંત્રણાઓ પછી લાલબહાદુર શાસ્ત્રીજીનું અકાળે અવસાન થતાં કોંગ્રેસ પક્ષ ઉપર નેતાગીરી નક્કી કરવાનું અચાનક આવી પડ્યું. તે વખતે કોંગ્રેસ મોવડી મંડળે ઈન્દિરાજીને પક્ષનાં વડા તરીકે પસંદ કર્યા.

૧૯૬૬-૬૭નાં વર્ષોમાં દેશનાં કેટલાક રાજ્યોમાં કોંગ્રેસે શાસન ગુમાવેલું. કોંગ્રેસમાં પણ અલગ અલગ વિચારસરણીનાં મોટા જૂથ હતા. ઈન્દિરાજીએ હિંમતપૂર્વક કેટલાક આગેવાન નેતાઓને સત્તા ઉપરથી હટાવ્યાં અને પરિણામે સંસ્થા કોંગ્રેસ અને ઈન્દિરાજી કોંગ્રેસ અસ્તિત્વમાં આવ્યાં. સંસ્થા કોંગ્રેસમાં વડીલો ગણાય તેવાં મોટા ગજાનાં નેતાઓ હતાં. પરંતુ ઈન્દિરાજીએ રાજકીય સુઝબુઝથી શાસનની ધુરા સંભાળી અને એક પછી એક એવાં પગલાંઓ લીધાં કે જન સામાન્યનાં લોકહૃદયમાં ઈન્દિરાજીનું નામ વસી ગયું.

એ સમયગાળામાં દેશમાં સૌથી મોટો સવાલ હતો અનાજની અછતનો પરદેશથી અને ખાસ કરીને અમેરિકાની મદદથી (પી. એલ.૪૮૦ તળે) દેશને અનાજ પૂરું પાડવામાં આવતું હતું. આજની યુવા પેઢીને એ દિવસોમાં પ્રજાએ ખાધેલાં ઓસ્ટ્રેલિયન ઘઉંની કલ્પના પણ આવી શકે તેવું નથી. આવા સમયે ઈન્દિરાજીએ દેશનાં અગ્રણી વૈજ્ઞાનિકોને બોલાવી દેશ કોઈ પણ રીતે અનાજની બાબતમાં સ્વાવલંબી બને તેવી શોધ સંશોધન કરવા પ્રેર્યા અને પરિણામે હરિયાળી ક્રાંતિ થઈ. સુજલામ્ સુફલામ્ માત્ર શબ્દોમાં જ ગવાતું તે હકીકતમાં પરિવર્તન થયું અને દેશ અનાજની બાબતમાં પરદેશની નાકચૂડમાંથી મુક્ત થયો. નાકચૂડ એટલાં માટે પી. એલ.૪૮૦ તળે અમેરિકાની મદદ મળતી તેમાં અમેરિકાને અનાજનાં નાણાં ભારતમાં જ પોતાની ઈચ્છા પ્રમાણે વાપરી શકે તેવા હક્કો હતા એ શરતો પ્રમાણે અમેરિકાની મદદ વડે તેમણે જે ધન સંચય કર્યો હતો તેનાથી દેશનાં

અર્થતંત્રને ઊંધુચતું કરી શકે તેવી સ્થિતિ હતી, આવી પરિસ્થિતિમાંથી ઈન્દિરાજીએ મુક્ત કરાવેલ.

દેશનાં વિભાજન પછીથી વિકરાળ પ્રશ્ન વસ્તીનાં ફેરબદલાનો અને તેના પુનઃ સ્થાપનનો તો હતો જ. એ પરિસ્થિતિ તો થાળે પડી ગયેલ પરંતુ દેશનાં વિભાજનનાં કારણે અને વસ્તીનાં ફેરબદલાને કારણે એક મોટી સમસ્યા ભારત અને પાકિસ્તાનની પ્રજાને વારસામાં મળી હોય તો તે એ છે પરસ્પરનું વૈમનસ્ય. પાકિસ્તાનની પ્રજાને પૂર્વ પાકિસ્તાન અને પશ્ચિમ પાકિસ્તાન એમ બે ભાગમાં વહેંચાઈ જવાનું મળેલ અને પરિણામે પૂર્વ પાકિસ્તાન એટલે હાલનું બાંગ્લાદેશમાં ભાષાના પ્રશ્ને અને બીજા કેટલાક અન્યાયોને કારણે પૂર્વ પાકિસ્તાનની પ્રજા પશ્ચિમ પાકિસ્તાનથી અલગ થવાં માટે લડત આપવા માંડી. પાકિસ્તાની લશ્કરે પૂર્વ પાકિસ્તાનમાં એવી સ્થિતિ ઊભી કરેલી કે પૂર્વ પાકિસ્તાનનાં લગભગ ૯૦,૦૦૦/- ઉપરાંત લોકો પાકિસ્તાનની સરહદ ઓળંગી ભારતમાં આશરો લેતાં થયેલા. માનવતાની દૃષ્ટિએ પણ એ લોકોને સંભાળવાં અને સાચવવાં પડે તેવી સ્થિતિ હતી. બાંગ્લાદેશને સીધી રીતે ભારત સરકાર મદદ કરવા ઉપડી પડે તો આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ભારતને માટે કેટલીક સમસ્યાઓ ઊભી થાય અને અમેરિકા શું પગલું ભરશે તે વિકટ પ્રશ્ન હતો.

અમેરિકાના નૌકાદળનો એક મોટો કાફલો (Seventh fleet) હિંદ મહાસાગરમાં હતો આવી પરિસ્થિતિમાં બાંગ્લાદેશ એટલે કે પૂર્વ પાકિસ્તાનની સ્વાતંત્ર્યની લડતમાં ભારત સીધી કોઈ પણ પગલું લે તો મોટી સમસ્યા ઊભી થાય આવા વખતે હિંમતભરી નેતાગીરી અને રાજકીય સુઝબુઝવાળું ત્વરિત અસરકારક પગલું ભરવું તે મોટો સવાલ હતો. એ દિવસોમાં અમેરિકાના વિદેશ પ્રધાન તેમનાં પ્રવાસ દરમ્યાન દિલ્હી વિમાન મથકે દોઢથી બે કલાકનું રોકાણ હતું તે સમયની તક ઝડપી ઈન્દિરાજીએ તેમને ચ્હા-પાણી માટે આમંત્રણ આપ્યું અને તે જ વખતે ભારતનાં લશ્કરનાં વડાને સૂચના આપી કે તે પોતાનાં લશ્કરી યુનિફોર્મમાં હાજર રહે. ઈન્દિરાજીએ ભારત સમક્ષ ઊભો થતો વિકરાળ પ્રશ્ન અને તેનાં પરિણામોનો ચિતાર આપ્યો, પરંતુ કિસિન્જરે એવાં પ્રકારનું

**હું મારી જાતને, પક્ષની અને આ દેશની મહાન જનતાની પણ સેવિકા ગણું છું. આપણો દેશ પ્રાચીન છે. તેની પરંપરા તથા તેઓ વારસો મહાન છે. આ દેશમાં કોઈક એવું તત્ત્વ છે કે દેશની પ્રજા ગમે એટલી નિરક્ષરતા અને ગમે એટલું પછાતપણું છતાં, મોટો પડકાર સામે આવીને ઊભો રહે ત્યારે છાતી કાઢીને એનો મુકાબલો કરે છે. મને પૂરી આશા છે કે એકતા દ્વારા આપણે આપણી સમક્ષની કપરી સમસ્યાઓ હલ કરી શકીશું...**

**- ઈન્દિરા ગાંધી**

વલણ દાખવ્યું જાણે કે તમે શું કરશો. ત્યારે ઈન્દિરાજીએ ભારતનાં લશ્કરના વડા તરફ આંગળી ચીંધીને એટલું જ કહ્યું કે હું આમને અસરકારક પગલાં ભરવાનું કહીશ, પરંતુ આ વાતની ગંભીર નોંધ કિસિન્જરે લીધી નહીં. આ બાજું ઈન્દિરાજીએ બીજા જ દિવસથી ભારતનાં લશ્કરને બાંગ્લાદેશની મુક્તિવાહિનીને ટેકો આપી આગળ વધવાનું ફરમાન કર્યું અને પાકિસ્તાનનાં ૯૦,૦૦૦ સૈનિકો સાથે લશ્કરના વડાએ શરણાગતિ સ્વીકારી. આ પ્રસંગ ભારત-પાકિસ્તાનનાં ઈતિહાસમાં તો હંમેશને માટે યાદ રહેશે. પરંતુ સ્વ. ઈન્દિરાજીએ જે હિંમત અને ત્વરાથી લશ્કરી પગલું ભર્યું અને અમેરિકા જેવો દેશ પણ જોતો રહી ગયો તે હકીકત ઈન્દિરાજીની અજોડ રાજકીય સુઝબુઝ અને મુત્સદીગીરીનો પરચો પૂરો પાડે છે.

પૂર્વ પાકિસ્તાન પાકિસ્તાનમાંથી વિખૂટું પડ્યું અને બાંગ્લાદેશ અસ્તિત્વમાં આવ્યું ત્યાર પછીથી રાજકીય ક્ષેત્રે ઈન્દિરાજીની કીર્તિ સોળે કળાએ ખીલી ઊઠી. સને ૧૯૭૧માં પાર્લામેન્ટ તેનો નિયત સમયગાળો પુરો થાય તે પહેલાં વિખેરી નાખી અને લોકસભાની ચૂંટણીઓ જાહેર થઈ. આ ચૂંટણીમાં ઈન્દિરાજીની આગેવાની વાળી કોંગ્રેસને અભૂતપૂર્વ બહુમતી મળી. માત્ર રાજકીય ક્ષેત્રની સફળતા, પ્રજાના આર્થિક પ્રશ્નો ઉકેલવા માટે પૂરતી નહોતી ૧૯૭૧ પછીથી ઈન્દિરાજીએ વીસ મુદ્દાનો કાર્યક્રમ આપ્યો. ઈન્દિરાજીનું ખૂબ જ મહત્ત્વનું પ્રદાન હોય તો એ છે કે તેમણે ભારતનાં ગરીબ માણસને રાજકારણમાં કેન્દ્રમાં મૂકી દીધો. માત્ર છ અક્ષરના 'ગરીબી હટાવો' સૂત્રથી ગરીબી હટે નહીં. ભારત જેવા વિશાળ વસ્તી

ધરાવતાં અને જ્યાં વસ્તીનો બહુ જ મોટો ભાગ ગરીબીમાં સબડતો હોય ત્યાં લોકોની ગરીબી હટાવવાનું કાર્ય ખૂબ જ મુશ્કેલીઓ અને લાંબો સમય માંગી લે તેવું હતું અને છે, પરંતુ મહત્ત્વની વાત ગરીબ માણસને રાજકારણનાં કેન્દ્રમાં મૂકવાની હતી.

સને ૧૯૭૧ પછીથી ભારતમાં મુખ્ય પ્રવાહનો એક પણ રાજકીય પક્ષ એવો નથી કે જેણે ગરીબોને લક્ષમાં રાખી પોતાનો કાર્યક્રમ ન રાખ્યો હોય, જનસંઘ જેવા (આજનો ભાજપ) પક્ષે પણ ગાંધીવાદી સમાજવાદને પોતાનાં કાર્યક્રમમાં કેન્દ્ર સ્થાને મૂકવો પડે. ઈન્દિરાજી માટે

# ઈન્દિરાજીની અપ્રસિદ્ધ છેલ્લી અખબારી મુલાકાતનો સૂર...

શ્રીમતી ઈન્દિરા ગાંધી એવો મક્કમ વિચાર ધરાવતાં હતાં કે, ભારત જેવા વૈવિધ્યતા ધરાવતા દેશને લોકશાહી સિવાય શાસનની બીજી કોઈ પદ્ધતિ સંગઠિત રાખી શકે નહીં. તેઓ એમ પણ માનતાં હતાં કે માત્ર સંજોગોને કારણે જ તેઓ તેમની વર્તમાન સ્થિતિએ પહોંચ્યા નહોતા. 'આ એક વ્યક્તિ તરફના' વિપક્ષોની વળગણનો પણ એમાં ફાળો હતો.

''સન્ડે'' સામયિકને આપેલી અને પ્રકાશિત ન થયેલી પોતાની છેલ્લી મુલાકાતમાં સદ્‌ગત વડાપ્રધાને એવી ટકોર કરી હતી કે હું મારા પિતાની માફક કોંગ્રેસના 'સાહેબવાદ'નો શિકાર બની ચૂકી છું અને એકવાર નીતિ વિષયક મતભેદો અંગે મેં સંસ્થાનો ત્યાગ કરવાની તૈયારી પણ બતાવી હતી.

'એ સમયના કોંગ્રેસ પ્રમુખ કામરાજને મેં કહ્યું હતું કે હું મારી પદ્ધતિઓ બદલી શકું નહીં. નીતિઓ અંગે મને ઊંડી લાગણી છે પણ કોંગ્રેસે એ રીતે (બીજી કોઈ રીતે) કાર્ય કરવું જોઈએ એવું તમે માનતા હોય તો હું રાજીનામું આપવા તૈયાર છું. શ્રીમતી ગાંધી માનતાં હતાં કે લોકસમૂહ પર આધાર રાખતો હોવાથી જ કોંગ્રેસ પક્ષ મજબૂત હતો. જોકે આથી તેમનામાં અમુક નબળાઈઓ પણ આવી હતી. તેમણે કહ્યું હતું કે, આપણી પાસે પ્રતિબદ્ધતા કે ડર નથી એનો વિકાસ કરવાના પ્રયાસમાં આપણને નિષ્ફળતા મળી છે.

તેમનાં બહુ વગોવાયેલાં કટોકટીના શાસન વિશે તેમણે સ્પષ્ટતા કરી હતી કે મેં એનો વહેલો અંત આણવાનો વિચાર કર્યો હતો પણ અમે કટોકટી ઉઠાવી લેવાનો વિચાર કરતા હતા ત્યારે જ શેખ મુજીબુર અને તેમના સમગ્ર કુટુંબની બાંગ્લાદેશમાં હત્યા થઈ. આથી અમે કટોકટી ઉઠાવી લેવાનો વિચાર માંડી વાળ્યો. ઘણાં લોકો માનતા હતા કે તેઓ કટોકટીનો ઉપયોગ પોતાના ઉત્કર્ષ માટે કરી શકશે. આ બાબત આપણાં કેટલાક મુખ્યપ્રધાનોને પણ લાગુ પડતી હતી. આ લોકોએ પાછળથી એવું કહ્યું હતું કે પોતે કટોકટીની વિરુદ્ધ હતા, પરંતુ વાસ્તવમાં તેઓએ રાજકીય વિરોધીઓની ધરપકડ કરવામાં તેનો ઉપયોગ કર્યો હતો.

ઓગસ્ટની ૭મી અને ૮મીએ લેવાયેલી ત્રણ કલાકની મુલાકાત દરમ્યાન શ્રીમતી ગાંધીએ પંજાબ, કેન્દ્ર-રાજ્યો વચ્ચેના સંબંધો, દેશ સમક્ષ પડેલા જોખમો અને કોંગ્રેસ પક્ષ અંગે પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું, 'પંજાબનો પ્રશ્ન ગંભીર છે કારણ કે, દેશની એકતા સામે આવો પડકાર કદી પણ ખડો થયો નહોતો. આ પડકાર પંજાબમાંથી નથી આવ્યો, પણ વિદેશથી આવ્યો છે.

પંજાબની પરિસ્થિતિ અત્યંત ગૂંચવણભરી છે. જાતિવાદે માથું ઊંચક્યું છે. જાટ શીખો માને છે કે તેઓ અન્ય શીખો કરતાં ચઢિયાતા છે જ્યારે અકાલીઓ કહે છે કે, અકાલી સિવાયનો શીખ શીખ નથી.

આંતરરાષ્ટ્રીય સમજૂતી માટે ઈન્દિરા ગાંધીને મરણોત્તર નહેરુ એવોર્ડ આંતરાષ્ટ્રીય સમજૂતી અંગેના ૧૯૮૪ના પ્રતિષ્ઠિત જવાહરલાલ નહેરુ પારિતોષિક માટે વડાપ્રધાન સ્વ.શ્રીમતી ઈન્દિરા ગાંધીની મરણોત્તર પસંદગી કરવામાં આવી હતી.

શ્રીમતી ગાંધીનું આ સન્માન વ્યક્તિગત અને નેતૃત્વની ગુણવત્તા માટે, રાષ્ટ્રની આઝાદી, એકતા અને પ્રગતિમાં અદ્વિતીય ફાળો આપવા માટે તથા આંતરરાષ્ટ્રીય શાંતિ, મિત્રાચારી, સહકાર, નિઃશસ્ત્રીકરણ અને સાર્વત્રિક ભાઈચારાને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવ્યું છે. આ પુરસ્કારમાં રૂ.૨,૫૦,૦૦૦ની રકમ તથા પ્રમાણપત્ર આપવામાં આવે છે. શ્રીમતી ગાંધી આ પારિતોષિક મેળવનાર ચોથી મહિલા છે અને નોબેલ પારિતોષિક વિજેતા મધર ટેરેસા બાદ બીજી ભારતીય મહિલા છે.

આજે પણ ગાંધીજી ભારતમાં એક જીવંત બળ છે, કારણ કે આજે પણ તેમનું વ્યક્તિત્વ આપણાં ચિત્તમાં વિકસી રહ્યું છે. નહેરુએ પણ ગાંધીજીના મૂળભૂત આદર્શોનું અનુસરણ કર્યું છે. નવા પ્રશ્નો ઉપસ્થિત થાય તેમ તેમ ગાંધી ચિંધ્યા માર્ગને વિસ્તૃત બનાવવો પડે છે, જેથી નવા ઈલાજો અને ઉત્તરોને સમાવી શકાય. પ્રશ્નોને બદલીને બંધિયાર ઢાંચામાં બેસાડી દેવાથી શો લાભ ? મને આશા છે કે, આપણે કદી આ મૂળભૂત માર્ગથી ચલિત નહીં થઈએ. ઘણાં વર્તુળો ગાંધીવાદના ખાદી, દારૂબંધી વગેરે બહારના આકાર ઉપર વધુ પડતો ભાર મૂકે છે. આ લોકો મહાત્માના બુનિયાદી વિચારો ભૂલી જાય છે. તેમની વ્યાપક સહિષ્ણુતા અને વિશાળ દૃષ્ટિને વિસરી જાય છે.

ગરીબી હટાવો તે માત્ર સૂત્ર ન હતું. દેશનાં નાના શહેરો અને ગામડાંઓની અંદર ચીંથરેહાલ દશામાં ઉપર આભ અને નીચે ધરતીનાં આશરે પડ્યાં રહેતાં કરોડો માણસોને ગામડે-ગામડે અને નાના શહેરોમાં સરકારની જે પડતર જમીન હતી તે રહેણાંક માટે આપી અને અપાવવાની નીતિ દાખવી. આ જમીન માટે ઈન્દિરા આવાસ યોજના હેઠળ આર્થિક સહાય પણ આપી જેથી લોકો મકાન માલિક બની શકે. આ વાતની શહેરમાં વસતા ભદ્ર વર્ગનાં લોકોને મહત્તા ન સમજાય, પરંતુ આ એક વાતે ગરીબ માણસને ઊંચું માથું રાખી અને ખુમારી સાથે જીવન જીવતો કર્યો.



ઈન્દિરાજીનું મોટું પ્રદાન સાલિયાણા નાબૂદીનું છે. દેશ આઝાદ થયો ત્યારે ભારતની ૨/૩ ધરતી ઉપર નાના મોટાં રજવાડાંઓનાં રાજ હતાં. તે રાજાઓનાં રાજ્યો જતાં અને ભારતનાં સમવાયી તંત્રમાં ભળી જતાં તેમ તેઓને સાલિયાણું (પ્રિવીપર્સ) બાંધી આપવામાં આવેલાં. આ વિશે આપણાં બંધારણમાં પણ જોગવાઈ હતી, પરંતુ બંધારણમાં સુધારો કરી સાલિયાણું નાબૂદ કર્યું અને રાજાઓને સામાન્ય નાગરિકની માફક સમાન રીતે જીવન જીવવાની ફરજ પાડી.

દેશનું અર્થતંત્ર મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓ અને મોટા વેપારીઓનાં હાથમાં હતું. આ લોકો બેંકો મારફત અર્થતંત્રને પોતાના કાબૂમાં રાખતાં મોટાભાગની બેંકો પર આવા મોટા ઉદ્યોગગૃહોનો માલિકી હક હતો. ઈન્દિરાજીએ બેંકોનું રાષ્ટ્રીયકરણ કર્યું. બેંકોનાં રાષ્ટ્રીયકરણ પછીથી નિમ્ન મધ્યમ વર્ગનાં યુવાનો કે જે શિક્ષિત હતાં પણ બેકાર હતા અને કોઈ તક મળે તો પોતાનું સાહસ અને શક્તિ બતાવી શકે તેમ હતા. તેઓને રૂ.૨૫,૦૦૦/- સુધીની રાષ્ટ્રીયકૃત બેંકો મારફતે જામીન વિના લોન મળે તેવી વ્યવસ્થા કરી તે દિવસોમાં રૂ.૨૫,૦૦૦/- ની રકમ બહુ મોટી હતી. બેંકોનું રાષ્ટ્રીયકરણ હોવાને કારણે વગર માર્જિને અને વગર જામીને નાના નાનાં લારીવાળા, કેબિનવાળા, રીક્ષાવાળા વગેરેને લોન મળે તેવી વ્યવસ્થા કરી અને બેંકોનાં દરવાજા ગરીબો માટે પણ ખુલ્લાં મૂકાયાં.

સને ૧૯૭૫નાં જૂન મહિનામાં ઈન્દિરાજીએ દેશમાં આંતરિક કટોકટી જાહેર કરેલ આ હકીકતને કેટલાક લોકોએ વિકૃત સ્વરૂપે રજૂ કરી ઈન્દિરાજી સરમુખત્યાર થવા માંગતા હતા તેવું દર્શાવવા પ્રયત્ન કરે છે, પરંતુ ઇતિહાસ ગવાહ છે. જો તેમને સરમુખત્યાર થવું હોત તો ફરી ચૂંટણી ન આપત અને ચૂંટણીમાં હાર્યા તો હાર સ્વીકારી લોકો વચ્ચે જઈ અને ફરી પાછા શાસનની ધુરા સંભાળી.

રાષ્ટ્રની એકતાં અને અખંડિતતા જોખમમાં મૂકાય કેટલાક બળોએ શીખ સમુદાયને અલગ ખાલિસ્તાન માંગવા ચળવળ શરૂ કરાવી આ ચળવળે ખૂબ જ ગંભીર સ્વરૂપ લીધેલું અને શીખોનાં ધર્મ સ્થાન સુવર્ણ મંદિરનો આશરો લઈ લડત ચલાવવામાં આવતી આ વખતે અભૂતપૂર્વ હિંમત દાખવી રાષ્ટ્રની એકતા અને અખંડિતતા જળવાઈ રહે તે માટે ઈન્દિરાજીએ જાનના જોખમે સુવર્ણ મંદિરમાંથી આવા વિભાજનકારી બળોને લશ્કરની મદદથી વશ કરેલા, અને પરિણામે દેશની એકતા અને અખંડિતતા જાળવી રાખવાં તેમણે શહાદત વ્હોરી. ■


**સૌજન્યઃ 'રાષ્ટ્રમાતા ઈન્દિરા ગાંધી'**

# કોમી એખલાસ અને રાષ્ટ્રીય એકતાના મશાલચી

# સરદાર વલ્લભભાઈ પટેલ

**ઈ.સ. ૧૯૩૦ પછી જે રીતે અંગ્રેજોએ મુસલમાનો તેમજ હિંદના રાજા-મહારાજાઓ અને નવાબોને સાથમાં લઈ ભાગલાવાદી રાજકારણ બહેકાવ્યું તેને પહોંચી વળવા, પરિસ્થિતિને અનુરૂપ થઈને વર્તવા તેમજ કૉંગ્રેસની પોલિટિકલ મશીનરી ઉપર સંપૂર્ણ કાબૂ ધરાવનાર વાસ્તવવાદી સરદારની જ જરૂર હતી**

**૧૫મી** ઑગસ્ટ ૧૯૪૭ના રોજ ભારતે જ્યારે આઝાદી પ્રાપ્ત કરી ત્યારે પણ તેના દેહ પર ૫૬૨ દેશી રાજ્યરૂપી થીંગડાં લાગેલાં હતાં. ભારતના રાજકીય કલેવર પર સર્જરી કરીને તેને એક અખંડિત રાષ્ટ્રમાં પલટાવનાર સરદાર પટેલ હતા. તેઓ એવા પ્રકારના સેક્યુલર મૂલ્યોના પુરસ્કર્તા હતા; જેમાં મુસ્લિમ લઘુમતીનું રક્ષણ થાય, મુસલમાનોને આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય તકો મળે, પણ કટ્ટરપંથી ઈસ્લામના અનુયાયીઓને, કટ્ટરપંથી હિન્દુત્વની ભાવનાને વરેલા હિન્દુત્વને સ્થાન ન હોય. આજે છ દાયકાઓ બાદ ઈતિહાસનું નિષ્પક્ષ પુનર્મૂલ્યાંકન કરતાં એમ લાગે છે કે, સરદારશ્રીનું વ્યક્તિત્વ ગાંધીજી કે જવાહરલાલ નહેરુ કરતાં જુદું જ હતું.



સરદારે ગાંધીજી અને નહેરુની સરખામણીમાં ઘણું ઓછું લખ્યું છે, એમનાં ભાષણો તેમજ કાર્યો ઉપરથી ફલિત થાય છે કે, સરદારશ્રી મહાત્મા ગાંધીની તુલનામાં આવી શકે તેટલી હદ સુધીના આદર્શવાદી નહોતા. તે જ પ્રમાણે તેઓ જવાહરલાલ નહેરુની હરોળમાં બેસી શકે તે ગજાના વિદ્વાન નહોતા, વસ્તુતઃ તેઓ ગાંધી અને નહેરુની સરખામણીમાં ધરતી ઉપર ચાલનારા જબરજસ્ત વાસ્તવવાદી રાજપુરુષ હતા.

ઈ.સ. ૧૯૩૦ પછી જે રીતે અંગ્રેજોએ મુસલમાનો તેમજ હિંદના રાજા-મહારાજાઓ અને નવાબોને સાથમાં લઈ ભાગલાવાદી રાજકારણ બહેકાવ્યું તેને પહોંચી વળવા, પરિસ્થિતિને અનુરૂપ થઈને વર્તવા તેમજ કૉંગ્રેસની પોલિટિકલ મશીનરી ઉપર સંપૂર્ણ કાબૂ ધરાવનાર વાસ્તવવાદી સરદારની જ જરૂર હતી. સરદાર જીભથી નહીં પણ હૃદયના ઊંડાણમાંથી બોલતા હતા અને આંખના ઈશારાથી ધાર્યું કામ કરાવતા. જોકે તેમની કાર્યપદ્ધતિ મિલિટરી ડિક્ટેટરની નહીં, પણ લોકશાહી રીતરસમોને અનુરૂપ હતી. આવા કારણોસર જ સરદાર માટે સાચું જ કહેવાયું છે કે :–

"The Sardar had the might of an emperor but the mind of a democrat."

(''સરદાર શહેનશાહની જેમ સત્તા અને શક્તિ ધરાવતા, પણ તેમનું અંતઃકરણ લોકશાહીવાદી હતું.'')

ઈ.સ. ૧૯૧૭માં વલ્લભભાઈ પટેલે અમદાવાદ મ્યુનિસિપાલિટીના સભ્ય તેમજ પ્રમુખ તરીકે તેમની કારકિર્દીની શરૂઆત કરી, ત્યારથી ૧૫મી ડિસેમ્બર,

૧૯૫૦માં તેમના જીવનના અંત સુધીના વર્ષો દરમ્યાન ભારતની સેવા કરનાર સરદાર ધર્મને 'વ્યક્તિગત અને અંગત બાબત' ગણતા. તેઓ માનતા કે ધર્મ અને રાજકારણ સાથે જોડવાથી બિનસાંપ્રદાયિકતાના તત્ત્વો ક્ષીણ થતાં જાય છે. આવા કારણોસર જ સરદારના વ્યાખ્યાનોમાંથી ધાર્મિક અને આધ્યાત્મિક આદર્શો ઘણા ઓછા જોવા મળે છે. આવા નેતા કદીપણ કોઈ એક જ કોમનો પક્ષકાર હોઈ જ શકે. સરદારે આઝાદ ભારતનું સ્વપ્ન સેવ્યું હતું અને પોતાના જીવન દરમિયાન ભારતને ગૌરવશાળી, પ્રગતિશીલ અને બહુત્વવાદી દિશા તરફ કૂનેહપૂર્વક ટાળ્યું હતું.

**કોમી એખલાસ અંગેની સરદાર પટેલની વિચારસરણી :**

ઈ.સ. ૧૯૧૫માં ગાંધીજીના દ.આફ્રિકાથી હિંદમાં આગમન બાદ આઝાદીની લડતે નવો વળાંક લીધો. શરૂશરૂમાં તો વલ્લભભાઈ અમદાવાદની ગુજરાત કલબમાં બ્રિજની રમતની મોજ માણતા હતા. પણ ટૂંક સમયમાં જ સરદાર ગાંધીજી પ્રત્યે આકર્ષાયા. જીવનપર્યંત તેઓ અડીખમ રીતે ગાંધીજી પડખે ઊભા રહ્યા. બીજી તરફ છેવટના વર્ષોમાં મુસ્લિમ લીગ અને તેના પ્રમુખ મહંમદઅલી ઝીણાએ પાકિસ્તાનની માંગણી ચાલુ જ રાખી. આ સમયે મહાત્મા ગાંધી, સરદાર પટેલ, જવાહરલાલ નહેરુ, મૌલાના અબુકલામ આઝાદ, રાજગોપાલાચારી અને ડૉ. રાજેન્દ્રપ્રસાદ જેવા નેતાઓએ ભાગલાવાદી નીતિનો મક્કમ રીતે સામનો કર્યો. તે સમયે સરદારે એક ભાષણમાં કહ્યું હતું કે :—

''આજે તો હિંદુ-મુસલમાનોએ તેમના તમામ ભેદભાવો ભૂલીને તથા એકસંપ થઈને ભારતના ભાગલા કરતાં પરિબળોને અટકાવવા જોઈએ.'' પણ સંજોગો બદલાયા હતા. નેતાઓ વચ્ચેના પૂર્વગ્રહો ઓછા ન હતા. મૌલાના અબુલ કલામ આઝાદી પર લખેલ પુસ્તક "India wins Freedom" માં વલ્લભભાઈ પટેલને હિંદુ કોમવાદી તરીકે ચિતર્યા કર્યા છે, પણ શું આ વાત સાચી હતી ? તેના ઉદાહરણો જોઈશું.

(૧) મૌલાના આઝાદે તેમના ગ્રંથમાં એવો આક્ષેપ કર્યો છે કે વીર નરીમાન પારસી હોવાને લીધે સરદાર તેમને ગુજરાત પ્રાંતિક સમિતિના પ્રમુખ (સભ્ય) તરીકે અટકાવ્યા હતા. ખુદ જવાહરલાલે જ્યારે આ બાબતે તપાસ કરી ત્યારે તેમને જાણવા મળ્યું કે સરદારને મન હિંદુ, પારસી, યહૂદી, મુસલમાન બધા સરખા જ હતા. સરદાર માત્ર ભાગલાવાદી અને કોમવાદી વિચારસરણીના જ વિરોધી હતા.

(૨) ઈ.સ. ૧૯૪૬ના સપ્ટેમ્બરમાં જ્યારે કેબિનેટ મિશનની યોજના મુજબ કામચલાઉ સરકાર સ્થપાઈ ત્યારે તેના ગૃહપ્રધાન સરદાર પટેલ હતા અને નાણાંખાતું ચુસ્ત લીગી નેતા લિયાકતઅલી ખાનના હાથમાં હતું. લિયાકતઅલી સરદારના તમામ કામો પર ચાંપતી નજર રાખતા અને નાણાંકીય મુશ્કેલીઓ ઊભી કરતા. આવા સંજોગોમાં જ્યારે હિંદના ભાગલા પાડીને પાકિસ્તાનના સર્જનની વાત નીકળી ત્યારે શરૂઆતમાં તો ગાંધીજી, સરદાર, નહેરુ, મૌલાના એમ બધા જ નેતાઓ એક અને અખંડિત ભારતના પ્રસ્તાવને જ ટેકો આપ્યો, પણ પરિસ્થિતિ એટલી હદે વિફરી કે સરદારે અગમચેતી વાપરીને હિંદના વાઈસરોય માઉન્ટ બેટનની યોજના સ્વીકારી. ગાંધીજી આ વાત જાણીને દુ:ખી થયા, પણ સરદાર જોઈ શક્યા હતા કે કૉંગ્રેસ અને લીગ વચ્ચેનું અંતર એટલી હદ સુધી વકર્યું હતું કે સમાધાનનો કોઈ અવકાશ જ ન હતો. સરદારની પાછળ નહેરુ પણ અનુસર્યા; એમણે પણ સરદારની જેમ ન છૂટકે અંગ્રેજોને હાંકી કાઢવા ભાગલા સ્વીકાર્યા, બીજી તરફ મૌલાના અબુલકલામ આઝાદને આઘાત લાગ્યો કે જે મહાત્મા ગાંધી અને દેશના સર્વોચ્ચ નેતાએ જાહેર કર્યું હતું કે ''પાકિસ્તાન મારા મૃતદેહ ઉપર જ રચાશે'' એ જ ગાંધીજીના વિચારો કેમ બદલાઈ ગયા ? એનું કારણ શું હશે ? ખુદ મૌલાનાના શબ્દોમાં આપણે જોઈશું.

"How was it that Gandhiji changed his opinion so quickly ? My reading is that this was due to the influence of Sardar Patel. Patel openly said that there was no way out except Partition."

(''એવું તે શું બન્યું કે ગાંધીજીએ પણ ભાગલાની બાબતમાં તેમનો નિર્ણય આટલી ઝડપથી બદલ્યો ? વિચાર કર્યા બાદ હું માનું છું કે ગાંધીજી ઉપર સરદાર પટેલની અસર હતી. પટેલ તો ખુલ્લેઆમ કહેતા કે દેશના ભાગલા પાડ્યા વગર છૂટકો જ નથી.'')

સરદાર પટેલ સત્તાના ભૂખ્યા નહોતા. તેઓ પ્રમાણિક રાષ્ટ્રવાદી અને અત્યંત વાસ્તવવાદી પણ હતા. ગાંધીજીની જેમ સરદાર પણ માનતા કે દેશના ટુકડા થવા ન જોઈએ પણ જ્યારે સરદારે જોયું કે અંગ્રેજોનું શરણ લઈને ભાગલાવાદી મુસલમાનો કોઈપણ સંજોગોમાં કોમ અને ધર્મને નામે અલગ

પાકિસ્તાન સ્થાપવા માંગે છે અને અંગ્રેજોની દાનત પણ ખોરી છે ત્યારે જ સરદારે "Two Nations Theory"ની વાતને અનુમોદન આપ્યું અને ત્યારબાદ જ તેના પ્રખર હિમાયતી બની ગયા.

ત્યારબાદ તો દેશમાં રમખાણો થયા. પંજાબ, બંગાળ, બિહાર અને દિલ્હીમાં કોમી રમખાણો અને ત્યાર પછી મહાત્મા ગાંધીના ખૂન બદલ મૌલાનાએ વલ્લભભાઈને જવાબદાર ગણ્યા છે. આ વાત પાછળ તો કોઈ આધાર જ નથી; પરંતુ એટલી વાત સાચી છે કે આદર્શવાદી મહાત્મા અને વાસ્તવવાદી સરદારની વિચારસરણી વચ્ચે ફેર તો હતો જ અને આજના સંજોગોમાં આ મતભેદને પ્રકાશમાં લાવવો જરૂરી છે ત્યાર પછી જ વિકસેલા પ્રવાહો જગજાહેર છે. ભારત આજે લોકશાહીની પદ્ધતિને અનુસરીને વિકાસ કરી રહ્યું છે, જ્યારે પાકિસ્તાનમાં મિલિટરી શાસન અને આતંકવાદ વકર્યો છે.

હિંદુસ્તાનમાંથી મુસ્લિમો પાકિસ્તાનમાં હિજરત કરી ગયા અને જ્યાં પાકિસ્તાન થવાનું હતું ત્યાંથી મોટી સંખ્યામાં હિંદુઓ દિલ્હી તથા બંગાળ પ્રદેશમાં હિજરત કરી ગયા; એટલું જ નહીં પરંતુ તે દરમિયાન હજારો અને લાખો હિંદુઓ અને મુસલમાનો કોમી હિંસાનો ભોગ બન્યાં તે અટકાવવા ગાંધીજીએ આમરણાંત ઉપવાસ આદર્યા તે સમયે સરદારને લાગ્યું કે ગાંધીજીના ઉપવાસો અહિંસાના પાયામાં રચાયા હોવા છતાં તે તદ્દન અવ્યવહારુ હતા.

જવાહરલાલ, સરદાર અને મૌલાનાએ ગાંધીજીનો જીવ બચાવવાના અનેક પ્રમાણિક પ્રયાસો કર્યા. મૌલાના આઝાદે તેમના ગ્રંથમાં એટલે સુધી લખ્યું છે કે, ગાંધીજી મુસ્લિમોની થતી હિંસા માટે ગૃહપ્રધાન વલ્લભભાઈને જ જવાબદાર ગણતા હતા. આવા સંજોગોમાં સરદાર મિટિંગ છોડીને મુંબઈ છોડીને ચાલ્યા ગયા પણ જતા પહેલાં તેમને કહ્યું : ''દિલ્હીમાં રહેવાનો મારો શો અર્થ છે ? ગાંધીજી તો મને સાંભળતા જ નથી! તેઓ તો સમગ્ર વિશ્વ આગળ હિંદુઓને વગોવી રહ્યા છે. ગાંધીજીનું વલણ આજ હોય તો મારે હાલના સંજોગોમાં ગાંધીજીની જરૂર નથી.''

આમ, ગાંધીજી અને સરદાર પટેલ વચ્ચે કોમવાદના અંતિમ ચરણ દરમિયાન જે પ્રસંગો બન્યા તે અંગેનું મંથન માત્ર ઐતિહાસિક દૃષ્ટિએ નહીં, પરંતુ ભારતની આજની વિભાવનાની દૃષ્ટિએ મહત્ત્વનું છે.

બીજી તરફ સી.એચ. ફિલિપ નામના વિશ્વવિખ્યાત બ્રિટિશ ઈતિહાસકારે સંપાદિત કરેલ ગ્રંથ "The Partition of India-Politics and Perspectives. ૧૯૩૫-૧૯૪૭'' જોવાથી જ સાચો ખ્યાલ આવી જશે કે સરદાર પટેલ જેવા રાષ્ટ્રવાદી નેતાની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી હતી.

ઉપરોક્ત ગ્રંથમાં તે સમયના પ્રતિષ્ઠિત આઈ.સી. એસ. ઓફિસર સી.એસ. વેંક્ટાચારે લખ્યું છે કે ''સરદારે કોમી રમખાણો વખતે વાસ્તવિક પરિસ્થિતિને અનુલક્ષીને જ નીતિ અખત્યાર કરી હતી.સરદાર નહેરુની શૈલીના સેક્યુલરિસ્ટ નહોતા. તેઓ કોઈ ઝનૂની હિન્દુત્વવાદી પણ નહોતા. તેઓ સેક્યુલર નેશન સ્ટેટમાં માનતા હતા. આવા કારણોસર જ તેમણે જ્યારે મુસ્લિમો દ્વારા થતી હિંસા અટકાવવાના પ્રયાસો કર્યા ત્યારે નહેરુ, મૌલાના અને ખુદ ગાંધીજી પણ તેમનાથી નારાજ થયા હતા. સરદારની છાપ 'કોમવાદી ગૃહપ્રધાન અને નેતા' તરીકે ઉપસવાના ઘણા નેતાઓએ પ્રયાસો કર્યા હતા.

આજે તો સમયના વહેણ બદલાયા છે. તેથી આજે ૨૧માં સૈકામાં આપણે ભૂતકાળના રાષ્ટ્રીય પ્રવાહોને કેવી રીતે મૂલવીશું ? મહાત્મા ગાંધી તો યુગપુરુષ હતા. તેથી તેમની પડખે રહીને જવાહરલાલ, વલ્લભભાઈ અને મૌલાના આઝાદ જેવા તેજસ્વી નેતાઓએ દેશનું નવનિર્માણ કર્યું હતું. પણ આજે તો એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે સરદારને ''સેક્યુલર રાષ્ટ્રવાદી'' તરીકે ગણીએ તો ''સેક્યુલરિસ્ટ્સ''માં સળવળાટ પેદા થાય છે. પણ દેશને એક અને અખંડિત બનાવવામાં સરદાર પટેલનો ફાળો તે સમયના કોઈ પણ નેતાથી નીચે ઉતરે તેવો ન હતો. જેમ કે વિખ્યાત સમાજવાદી ચિંતક અને કર્મશીલ સદ્‌ગત મધુ દંડવતેએ લખ્યું છે :–


''મધ્યયુગીન રાજાશાહીને નાબૂદ કરીને ભારતને એક અને અખંડિત બનાવનાર તો સરદાર જ હતા. તેમના સિવાય આવા ભગીરથ અને ક્રાંતિકારી કાર્ય પાર પાડવાની તાકાત તે સમયનાં બીજા કોઈ પણ નેતાની ન હતી.''

સરદારશ્રીએ ભારતને આધુનિક, સેક્યુલર, આત્મવિશ્વાસુ અને તાકાતવાન નેશન-સ્ટેટ તરીકે ઘડવામાં આવી ઘણી મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. સરદાર સાચા અર્થમાં રાષ્ટ્રવિધાયક હતા. તેઓ આજની પેઢીમાં રાજકારણ તથા પ્રજાજનો માટે ઘણો કિંમતી વારસો છોડતા ગયા છે. ■

# પંડિત જવાહરલાલ નહેરુ : લોકાત્મા અને વિશ્વમાનવ

**પંડિતજીએ કહ્યું : ''મારી ભસ્મ ગંગામાં નાંખશો તો મોક્ષ મળશે, એવું તો હું માનતો નથી છતાં પણ ગંગામૈયાનો એટલો ઉપકાર છે'' ...પંડિતજીને ગંગા પર એટલો બધો પ્રેમ હતો કે છેલ્લે એમણે લખ્યું કે ''મારી રાખનો કેટલોક ભાગ ગંગામાં પ્રવાહિત કરવામાં આવે, બાકી હવામાં વીખેરી દેવી'' 'ડિસ્કવરી ઓફ ઈન્ડિયા'નો અર્થ છેલ્લે 'ડિસ્કવર' થયો**

**જવાહરલાલ** નહેરુ અને મારી વચ્ચે અત્યંત પ્રેમ, આદર અને વિશ્વાસ હતા. એ અમારા મોટાભાઈ જેવા હતા. તેઓ ગાંધીજીના વહાલા અનુયાયી હતા. ગાંધીજીએ કહ્યું હતું કે મારા ગયા પછી જવાહર કામ કરશે. પંડિતજી વ્યવહારકુશળ હતા. ગાંધીજીને ખબર હતી કે વિનોબાને રાજનીતિની, વ્યવહારની સમજ નથી એટલે એમણે રાજનીતિનું કામ પંડિતજીને સોંપ્યું અને વિનોબાને અધ્યાત્મનું કામ સોંપ્યું.



બાપુના મહાપ્રયાણ પછી સેવાગ્રામના સંમેલનમાં પંડિતજીની સ્થિતિ જોઈને અને તેમના તરફથી માંગણી થઈ હોવાથી મેં નિર્વાસિતોની સેવાને માટે પ્રયોગ કરવા માટે છ મહિનાનો સમય આપવાનું નક્કી કર્યું. એ વખતે મેં જોયું કે પંડિતજી કહેતા હતા તે વાત અને જેમના દ્વારા તે કરાવવા માંગતા હતા, એમના વિચાર અલગ હતા. તેથીવાત આગળ વધતી નહોતી તો મેં હસવામાં એક મરાઠી કહેવત સંભળાવી, ''રાજા બોલે દલ હાલે, મિયાં બોલે દાઢી હાલે.'' રાજાના ઈશારાથી સેના ચાલે છે, બાબાની દાઢી છે, તો થોડી હાલે છે અને ''પંડિતજી નહેરુ બોલે તો કશું હાલતું નથી.''

એકવાર પટ્ટીકલ્યાણામાં તેઓ મને મળવા આવ્યા હતા. વાતચીત થઈ ગઈ, તો હું એમને મૂકવા જવા માટે ઊભો થતો હતો, પણ તેમણે મને આવવાની ના પાડી અને જોરથી બેસાડી દીધો. આશ્રમના સાથીઓ એમને મુકવા ગયા. મોટરમાં બેસતા બેસતા એમણે કહ્યું, ''હવે હું પિંજરામાં જઈ રહ્યો છું.'' અમારા સાથીઓ કંઈ સમજ્યા નહીં. એમણે મને પૂછ્યું કે- 'આવું કેમ બોલ્યા ?' મેં એમને કહ્યું કે અમારી વચ્ચે વાતચીત થઈ હતી કે- ''બાબા એ ખુલ્લા મેદાનનો કૂતરો છે. જોરથી બૂમો પાડે છે. લોકો જાણે છે કે એ કરડનાર કૂતરો નથી, માત્ર બૂમો પાડનાર જ છે અને તમે છો પિંજરાના વાઘ. જો તમે બહાર રહેત તો ગર્જના કરત, બૂમો પાડત તો તેની એકદમ અસર થાત, પરંતુ તેઓ તો અંદર છે, એટલે એમણે કહ્યું કે હું પિંજરામાં જઈ રહ્યો છું.''

એક વખત પંડિતજીને મેં કહ્યું હતું કે તમે પોલિટિક્સમાં મિસફિટ (અયોગ્ય) છો. કારણ કે તમારામાં બે દોષ છે. એક, તમે જૂઠું બોલી શકતા નથી; બે, તમે વેર કરી શકતા નથી. આ બંને વસ્તુ રાજનીતિ માટે બિલકુલ નાલાયકી સાબિત કરે છે. પંડિતજીએ વિનોદપૂર્વક હસતા હસતા કહ્યું, ''તમારી વાત સાચી છે પણ મારી આ અધૂરપ છે, એ કદાચ મારા સેક્રેટરિયટ (સચિવાલય) તરફથી કંઈક અંશે દૂર કરવામાં આવતી હશે.'' હવે આ વાત પણ સાચી પડી. આવું બોલવાનું-

કહેવાનું પણ રાજનીતિમાં આવતું નથી અને જ્યારે મેં કહ્યું, ''રાજનીતિ અને ધર્મના દિવસો પૂરા થઈ ગયા છે, હવે ફક્ત વિજ્ઞાન અને અધ્યાત્મ જ ચાલશે; ત્યારે તેમણે આ વિચારનું પૂર્ણપણે સમર્થન કર્યું હતું. એમણે કહ્યું, ''જો કે હું રાજનીતિમાં છું છતાં પણ વિનોબાજીના આ વિચારને માન્ય કરવાનું મારું મન કબૂલ કરે છે અને મારા નામથી એ વિચારનો પ્રચાર તેમણે કર્યો. ભારતમાં તો કર્યો જ, વિદેશમાં પણ કર્યો.''

એ દિવસોમાં જ્યારે કોઈ સાર્વજનિક ભાષણ કરવા માટે પંડિતજી ઊભા થતા તો એમને બાપુનું સ્મરણ થયા કરતું હતું અને તે પ્રસંગ તો એવો હતો કે બાપુ અવશ્ય યાદ આવે જ. અમેરિકા જતા પહેલાં પૂના પાસે એક યુદ્ધ વિદ્યાલય આરંભ કરવાનું હતું. યુદ્ધ વિદ્યા અને બાપુની વાતો વચ્ચે વિસંગતતા હતી. ત્યારે પંડિતજીએ કહ્યું કે, ''જીવનની આ વિસંગતિ છે કે અહિંસામાં શ્રદ્ધા હોવા છતાં આપણે યુદ્ધ વિદ્યાલય ખોલી રહ્યા છીએ અને જ્યારે ખોલીએ છીએ તો આપણું યુદ્ધ શિક્ષણ પણ અવ્વલ હોવું જોઈએ.'' પછી બાપુનું સ્મરણ કરી કહ્યું કે, ''આ શિક્ષણનો ઉપયોગ આપણે ક્યારેય પરપીડા માટે કરીશું નહીં, પરંતુ આત્મરક્ષણ માટે જ કરીશું અને તે પણ લાચાર થઈને. પંડિતજીએ આ વ્યક્તિગત વિચાર માત્રો નહોતો કહ્યો. એ વખતે તેઓ વ્યક્તિ નહોતા પણ સમગ્ર ભારત તરફથી બોલી રહ્યાં હતા. ભારતનું એ મર્યાદાવ્રત એ સમયે એમણે જાહેર કર્યું હતું.

આ જે વિસંગતિ છે તે આખા માનવજીવનની છે. માણસ છે એક આત્માનો અંશ, એક દેહનો અંશ. આપણે બંનેનું સમાધાન કરવું પડે છે. દેશ માટે પણ એ જ લાગુ પડે છે. દેશનો પણ એક આત્મા છે અને એક દેહ હોય છે. ભારતનો આત્મા અહિંસાને માને છે. એ આત્માની ભૂમિકા પર આપણે પહોંચવાનું છે પણ જ્યાં સુધી આવી શક્તિ દેશમાં આવી નથી, ત્યાં સુધી અહિંસાનો જપ કરતાં કરતાં શસ્ત્રવિદ્યાનું અધ્યયન કરવું એ એક મોટામાં મોટી વિસંગતિ છે. શસ્ત્રબલ અથવા અહિંસા-એટલે કે માનવ-પ્રેમને એક ધ્રુવતારાની જેમ સામે રાખીને ચાલે છે તો એનાથી શૌર્યની શક્તિ વધે છે પણ ક્યારેક તો જરૂર આપણે શસ્ત્રબળથી ઉપર ઊઠવું પડશે. આ દૃષ્ટિથી પંડિતજીના વ્યાખ્યાનના ઉદ્‌ગારો વિશુદ્ધ અને સરળ હૃદયના હતા. કેટલાંક લોકો આ વિસંગતિને માટે પંડિતજી પર દંભીનો આક્ષેપ મૂકે છે. પંડિતજીમાં અનેક દોષો હશે પણ તેઓ દંભી નહોતા.

વર્ષો પછી શાંતિ પરિષદમાં પંડિતજીએ કહ્યું હતું, ''કોઈ રાષ્ટ્ર સેના અને શસ્ત્રોના પરિત્યાગનો નિર્ણય કરી વિશ્વશક્તિનું નિર્માણ કરે તો તે લાભદાયી જ છે. દુનિયામાં કોઈ ભય ઊભો નહીં થઈ શકે, એના પર મારો વિશ્વાસ છે.'' પછી તેમણે કહ્યું કે, ''અહિંસાના સિદ્ધાંતને હું પુર્ણ રીતે માનું છું, પરંતુ કોઈ એને કમજોરીની સાથે કહે તો તે બિલકુલ જુદી જ બાબત થઈ જાય છે.''

પંડિતજી અમેરિકામાં ફરતા હતા ત્યારે બહુ જ સમજી વિચારીને ઓછા શબ્દોમાં અને બહુ જ નમ્રતાપૂર્વક અહિંસાનો સંદેશ સમજાવી રહ્યા હતા. એમણે એક વિશેષ રીતે અહિંસાની વ્યાખ્યા કરીને કહ્યું કે, ''અમારા માર્ગદર્શકે અમને એક એવી રીત બતાવી, જેનાથી એક મુશ્કેલ સમસ્યાના ઉકેલમાં બીજી સમસ્યા ઊભી થતી નથી.'' અહિંસાનું આ સૌથી ઓછા શબ્દોમાં થયેલું સાચું વર્ણન છે.

૧૯૫૧માં સર્વોદય સંમેલનને માટે પંડિતજીએ પોતાની શુભેચ્છા મોકલી હતી. એમનો સંદેશો તો બિલકુલ નાનો હતો પણ એ ઓછા શબ્દોમાં એમનું દિલ પ્રગટ થતું હતું. એમના કહેવાનો ભાવાર્થ એ હતો કે ''દુનિયામાં દિવસે દિવસે નવા નવા પ્રશ્નો ઊભા થાય છે. બધે જ અંધકાર ફેલાયેલો દેખાય છે અને જૂની રોશની ઝાંખી પડી ગઈ છે. એવી પરિસ્થિતિમાં આપણાં સૌનું કર્તવ્ય છે કે આપણે રોશની ફેંકીએ. આવી હાલમાં સર્વોદયની તરફ નજર જાય છે.''

જ્યારે પંડિતજીના જીવન-કાર્યનું ચિત્ર આંખોની સામે ઊભું થાય છે ત્યારે સમ્રાટ અશોકનું સ્મરણ થાય છે. દેશ પરાક્રમી અને બળવાન થાય અને સહયોગની ભાવનાથી વર્તે, આ અહિંસાનું ચિત્ર એમણે અશોક ચિહ્ન દ્વારા આપણી સમક્ષ મૂક્યું. ગાંધીજીએ ચરખાને ઝંડામાં મૂકાવી દીધો હતો. એ બાબત વિશે પૂછતા પંડિતજીએ કહ્યું, ''તે અશોક ચક્ર ચરખાનું જ પ્રતીક છે અને ચિત્રની

સિમેટ્રી (સપ્રમાણતા) જળવાય તે માટે એવું કર્યું છે.'' મને વિશ્વાસ છે કે એમણે વિશ્વમૈત્રીનો, પરાક્રમયુક્ત સહયોગનો જે સંદેશ આપણને આપ્યો છે, એ વાતને ભારતની જનતા વળગી રહેશે.

પંડિતજી રાષ્ટ્રનેતા હતા અને લોકનેતા પણ હતા. આ રીતે બંને પ્રકારનું નેતૃત્વ એક જ મનુષ્યમાં ભેગું હોય, એવું જોવા મળતું નથી. વળી પંડિતજી એક બાજુથી રાષ્ટ્રપુરુષ હતા તો બીજી બાજુ વિશ્વમાનવ હતા. આ બંને વિશે એમના ચિત્તમાં પૂર્ણ એકતા હતી. પોતાના રાષ્ટ્રનું હિત અને આખા વિશ્વનું હિત એક જ છે, બંનેમાં વિરોધ હોઈ શકે નહીં; એવો એમનો વિશ્વાસ હતો અને આ વિશ્વાસ પર જ તેઓ કામ કરતા હતા.



પંડિતજીનું એક વાક્ય મને મંત્રની રીતે યાદ રહી ગયું છે, ''જે રાષ્ટ્રનો આજુબાજુની કુદરત સાથેનો સ્પર્શ નથી રહેતો, તે રાષ્ટ્ર ક્ષીણ થાય છે, એનો ક્ષય થાય છે.'' એટલે ખેતીની સાથે દરેક મનુષ્યનો સંપર્ક થાય તો સારું. મેં પંડિતજીને કહ્યું હતું કે બધા સરકારી કર્મચારીઓ, મંત્રીઓ અને વડા પ્રધાને રોજ એક કલાક ખેતરમાં કામ કરવું જરૂરી માનું છું. ત્યારે તેઓએ કહ્યું, ''સારી વાત છે પણ મને ખેતરમાં કામ કરવા જ ક્યાં દે છે ?'' પંડિતજીને બહુ જ કામ રહેતું હતું. એમણે મને કહ્યું કે ૬ કલાક રાત્રે સૂવા માટે રાખ્યા છે, દિવસમાં એક કલાક પણ એટલી ઊંઘ મળતી નથી. રાત્રે ચાર કલાક અને દિવસમાં અડધો કલાક.

પંડિતજીના પાંચ તત્ત્વો હતાં. પાંચ 'ગ' હતા. ગીતા, ગાંધી, ગૌતમ, ગંગા અને ગાય. એમણે એક જગ્યાએ લખ્યું છે : કોઈ રાષ્ટ્રનું પ્રતીક રીંછ છે, કોઈનું સિંહ છે પણ ભારતનું પ્રતીક રાષ્ટ્રીય ચિહ્ન ગાય છે. ગાય ભારતીય સંસ્કૃતિનું પ્રતીક છે એવી એમની ભાવના હતી.

એકવાર પંડિતજી સાથે ચર્ચા થઈ રહી હતી ત્યારે ગીતાનો ઉલ્લેખ કરી કહેવા લાગ્યા, ''ગીતાના સ્થિતપ્રજ્ઞતા શ્લોક ગાંધીજી પ્રાર્થનામાં બોલતા હતા. તે શ્લોક મને એટલા માટે ગમે છે કે એમાં અનાસક્તિ પર ભાર મૂક્યો છે, જે આજના વ્યાપક સંદર્ભમાં જરૂરી છે.'' તે સમયે મને ખબર નહોતી કે તેઓ રોજ ગીતા વાંચે છે. એમના મૃત્યુ પછી ખબર પડી કે એમના પલંગ પરથી ગીતાનું પુસ્તક મળ્યું. કદાચ શબ્દશઃ તેઓ ગીતાનું પારાયણ ન પણ કરતા હોય, પરંતુ ગીતા એમની પાસે રાખતા હતા.

પંડિતજીનું જીવનચરિત્ર મેં દસ-પંદર મિનિટમાં જોઈ લીધું હતું. તેમાં એક જગ્યાએ લખ્યું હતું, ''મારું લગ્ન થયું, અમે કાશ્મીર ગયાં. ત્યાં દુષ્કાળ પડ્યો હતો, ગરીબી હતી.'' ... પછી શરૂ થયું ભારતની ગરીબીનું વર્ણન. લગ્નની બાબતમાં લગ્ન થયું એટલું જ, બાકી બીજી જ વાત. મારા ધ્યાનમાં આવ્યું કે આ માણસ અનાસક્ત છે.

પંડિતજીનું એક પુસ્તક છે, 'ડિસ્કવરી ઓફ ઈન્ડિયા' (ભારતની શોધ). એમાં એમણે ભારતની શોધ કરી છે. પ્રાચીનકાળથી આજ સુધી ભારતની જે પરંપરા ચાલી, એનો એમાં ઉલ્લેખ છે. એક જગ્યાએ એમણે બહુ જ નમ્રતાપૂર્વક લખ્યું છે કે, ''ભારતનું ઊંડાણ કેટલું છે તે હું સમજી શક્યો નથી, ધીમે ધીમે ભારતને સમજી રહ્યો છું.''

એક વાર અલ્હાબાદમાં કુંભમેળો હતો. પંડિતજી ત્યાં ગયા હતા. તે જૂના વિચાર પ્રમાણેના ભક્ત નહોતા, એમની બુદ્ધિ આધુનિક હતી. છતાં કુંભમેળો જોઇને તેઓ દ્રવિત થઈ ગયા. એમની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. ૭૦ લાખ લોકોનો મેળો હતો. એ દૃશ્ય જોઇને તેઓ અચંબો પામ્યા. ''૭૦ લાખ લોકો એટલે યુરોપનું એક રાષ્ટ્ર કહેવાય. આટલા બધા લોકો ઢોંગી હોઈ શકે નહીં.''

આદિ કવિ વાલ્મીકીએ ગંગા પર ઉત્તમ કવિતા લખી, શંકરાચાર્યે ગંગા પર સ્તોત્ર લખ્યું. મહાકવિ કાલિદાસે પણ ગંગા પર લખ્યું. પંડિત જગન્નાથે 'ગંગાલહરી' લખ્યું સત્પુરુષોએ અને મહાકવિ સૌએ ગંગા પર લખ્યું, પરંતુ એની પર છેલ્લું સ્તોત્ર લખ્યું પંડિતજીએ, ''મારી ભસ્મ ગંગામાં નાંખશો તો મોક્ષ મળશે, એવું તો હું માનતો નથી છતાં પણ ગંગામૈયાનો એટલો ઉપકાર છે.'' ...પંડિતજીને ગંગા પર એટલો બધો પ્રેમ હતો કે છેલ્લે એમણે લખ્યું કે ''મારી રાખનો કેટલોક ભાગ ગંગામાં પ્રવાહિત કરવામાં આવે, બાકી હવામાં વીખેરી દેવી.'' 'ડિસ્કવરી ઓફ ઈન્ડિયા'નો અર્થ છેલ્લે 'ડિસ્કવર' થયો.

પંડિતજી જે દિવસે ગયા એના ચાર-પાંચ દિવસ પહેલાં પત્રકારોને એમણે કહ્યું હતું કે ''મારો જીવનકાળ આટલો જલ્દી સમાપ્ત થશે એવું માનવાનું કારણ નથી.'' એવો ઉત્તર કેમ આપ્યો ? આપણું જીવન આપણાં હાથમાં નથી છતાં પણ એમણે કહ્યું કે મારે જીવવું છે. આનો અર્થ એ કે એમની સામે પ્રચંડ કાર્ય હતું. જે મનુષ્ય પરમાર્થ કરે છે, વિશ્વ સાથે સમરસ હોય છે, એમને વિશ્વને માટે જીવવાની ઈચ્છા હોય છે. એ એમની વ્યક્તિગત ઈચ્છા નહોતી. એકવાર પત્રકારોએ એમને પૂછ્યું હતું કે તમારું આરોગ્ય આટલું સરસ રહે છે એનું કારણ શું? ત્યરે એમણે જવાબ આપ્યો હતો કે ''હુ બહું ચિંતા કરતો નથી.'' આ બિલકુલ જનક જેવો ઉત્તર એમણે આપ્યો. જનકે કહ્યું હતું- ''મિથલાયાં પ્રદીપ્તાયાં ન મે દહ્યતિ કિંચન'' મિથિલાનગરીને આગ લાગી, તો પણ મારું કંઈ બળતું નથી. - પંડિતજીના કહેવાનો અર્થ એ નહોતો કે દુનિયાની ચિંતા જ નથી, પરંતુ ચિંતા હોવા છતાં ચિંતા કરવી નહીં.

બાપુ અચાનક ગયા. એ દિવસે આત્માના અમરત્વનો સ્પષ્ટ આભાસ થયો. એટલે કે તેઓ ગયા જ નથી. પંડિતજી પણ અચાનક ગયા. એટલે કે તેઓ ગયા જ નથી. તેઓ પરમાત્માની પાસે પહોંચ્યા છે. હું એમનો વિયોગ નથી અનુભવતો પણ એમની ઉપસ્થિતિનો અનુભવ કરી રહ્યો છું. હવે આપણાં કામ માટે તેઓ આશીર્વાદ આપતા હશે. આપણને મળતા રહેશે, બળ આપતા રહેશે, એવી પ્રતીતિ મારા હૃદયમાં થઈ રહી છે.

પંડિતજીનું ચિત્ત વિશ્વ જેવું વ્યાપક હતું. ન કોઈ પ્રાંત અભિમાન, ન ભાષાનો કોઈ આગ્રહ, ન કોઈ ધર્મપંથ સાથે ચિત્તનો સંબંધ ! જ્યાં પણ ગયા, ત્યાં જનસમૂહ જોઇને, ભાઇને મળવાથી ભાઇને જેવો આનંદ થાય, તેવો આનંદ એમને થતો હતો. ઉપનિષદમાં કહ્યું છે કે- ''मातृदेवो भव, पितृदेवो भव, आचार्यदेवो भव, अतिथिदेवो भव'' આ ભાષામાં કહેવું હોય તો પંડિતજી 'લોકદેવ' હતા. લોકો જ એમના દેવ હતા. લોકોને જોઇને એમનું હૃદય ઊછળતું હતું. આવો માણસ દેહ છોડીને જાય તો ક્યાં જશે ? તે લોકાત્મા થશે, લોકોમાં જ રહેશે. ■

અનુવાદ : ભદ્રા સવાઈ, ગુણ-નિવેદન : વિનોબા (સૌજન્ય : ભૂમિપુત્ર, તા.૧-૧૧-૨૦૨૦







અખંડ ભારતના ઘડવૈયા લોખંડી પુરૂષ
સરદાર વલ્લભભાઇ પટેલની
જન્મજયંતિએ વંદન


પ્રિયદર્શિની
શ્રીમતી ઈન્દિરા ગાંધીની
જન્મજયંતિ નિમિત્તે વંદન
ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિ












**અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના સંગઠન પ્રમુખ પદના ઉમેદવાર શ્રી મલ્લીકાર્જુન ખડગેજી તથા શ્રી શશિ થરુરે ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી અને ત્યાર બાદ રાજીવ ગાંધી ભવન ખાતે ડેલીગેટસ સાથે મીટીંગ યોજી હતી**

ચાલો પ્રગટાવીએ મંગલદીપ, રહીએ એકમેકની સમીપ...

# દિવાળી અને નૂતનવર્ષની હાર્દિક શુભેચ્છાઓ...



**ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ**

**Published on every 5th and 20th every month**

R.N.I. No. 70957/1998 Postal Registration No. GAMC/1720/2021-23 Valid upto 31-12-2023 issued by the SSPO'a Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO on 5th & 20th of every month. Editor, Publisher and Printer : Hasmukh Patel, Printed on Behalf of the Krut Sankalp Trust from Sankalp Prakashan, Nr. S.L.U. College, Kochrab, Ahmedabad - 380006 & Printers at Payal Printers Income Tax, Ashram Road, Ahmedabad - 380015.